અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ ચોથ | અંક : ૩૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## રજનીકાંતની ફિલ્મ જેલર ૭ સપ્ટેમ્બરે ઓટીટી પર રિલિઝ

। મુંબઈ, તા.૨ ।

સુપરસ્ટાર રજનીકાંતની જેલરે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. જૈકી શ્રોફ, રજનીકાંતથી લઈને તમન્ના ભાટિયા જેવા સ્ટાર્સથી સજેલી જેલર હવે ઓટીટી પર પણ રિલીઝ થવા જઈ રહી છે. ચાહકો માટે સારા સમાચાર છે કે તે હવે ઘરે બેઠા-બેઠા આ ફિલ્મને એન્જોય કરી શકે છે. ખાસ વાત એ છે કે જેલરની ઓટીટી રિલીઝ ડેટ શાહરુખ ખાનની જવાન સાથે ટકરાશે. શનિવારે ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમે એલાન કર્યુ કે નેલ્સન દિલીપ કુમારના ડાયરેક્શનમાં બનેલી જેલર ૭ સપ્ટેમ્બરે રિલીઝ થશે.

### ન્યૂઝ બ્રિફ

## પુતિન દ્વારા મિસાઈલ સરમતને યુધ્ધગ્રસ્ત વિસ્તારમાં તૈનાત



। મોસ્કો, તા.૨ ।

રશિયા અને યુક્રેન વચ્ચેનુ યુધ્ધ ૧૮ મહિના પછી પણ ખતમ થવાનુ નામ નથી લઈ રહ્યું. ઉલટાનુ હવે યુક્રેન રશિયામાં ડ્રોન મોકલીને હુમલા કરાવી રહ્યુ છે. જેના પગલે લાલચોળ થઈ ગયેલા રશિયન રાષ્ટ્રપતિ પુતિને પોતાની સૌથી ઘાતક ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ સરમતને યુધ્ધગ્રસ્ત વિસ્તારમાં તૈનાત કરાવી દીધી છે. જેના પગલે નાટો દેશો પણ ખળભળી ઉઠ્યા છે. પુતિનનુ કહેવુ છે કે, આ એવી મિસાઈલ છે જે મોસ્કોના દુશ્મનોને બે વખત વિચારવા માટે મજબૂર કરી દેશે. રશિયાની અંતરિક્ષ એજન્સીએ પણ સરમત મિસાઈલની તૈનાતીને સમર્થન આપ્યુ હતુ.સરમત મિસાઈલ એક કરતા વધારે ન્યુક્લિયર વેપન લઈ જવા માટે સક્ષમ મિસાઈલ છે.

## ૪ થી ૬ સપ્ટેમ્બર વચ્ચે ઓડિશા, આંધ્ર, તેલંગાણા, કેરળમાં વરસાદની શક્યતા

। નવી દિલ્હી, તા.૨ ।

દેશમાં હાલમાં વરસાદની ગેરહાજરીમાં દઝાડતી ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં હવામાન વિભાગે સારો એવો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. દેશના જુદા જુદા રાજ્યોમાં આગામી દિવસોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગના અહેવાલ અનુસાર ૪ થી ૬ સપ્ટેમ્બર વચ્ચે ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા છે.



### ચંદ્રયાન-૩ના સફળ લોન્ચિંગ બાદ ઈસરોએ ફરી ઈતિહાસ રચ્યો

# ભારતના સુર્ય મિશન આદિત્ય-એલ૧નું શ્રીહરિકોટાથી લોન્ચિંગ

। શ્રી હરિકોટા, તા.૨ ।

ચંદ્રયાન-૩ના ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ બાદ હવે ઈસરોએ ફરી એકવાર ઈતિહાસ રચતા સુર્ય મિશન આદિત્ય-એલ૧નું શ્રીહરિકોટાથી સફળ લોન્ચિંગ કરવામાં આવ્યુ હતું. આ આદિત્ય-એલ૧ને પીએસએલવી-એક્સએલરોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યુ હતું. આદિત્ય-એલ૧ ૧૨૫ દિવસ બાદ તેના એલ૧ પોઈન્ટ સુધી પહોંચશે. આ પોઈન્ટ પર પહોંચ્યા બાદ આદિત્ય-એલ૧ ખાસ ડેટા મોકલવાનું શરુ કરશે. સૂર્ય મિશન આદિત્યએલ૧ના પીએસએલવી રોકેટે ઉડાન ભરતાં જ લોકોની ભીડે 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા હતા.ઈસરોનું આદિત્યએલ૧ સૂર્ય મિશન પૃથ્વીના વાતાવરણમાંથી બહાર નીકળતાં જ પીએસએલવીરોકેટનો ત્રીજો તબક્કો સફળતાપૂર્વક રોકેટથી અલગ થઈ ગયો. હવે તે પીએસ૪ કોસ્ટલ સ્ટેજમાં છે.

શ્રીહરિકોટા ખાતે ઈસરોના સૂર્ય મિશન આદિત્ય એલ-૧ના લોન્ચિંગને જોવા માટે મોટી સંખ્યામાં લોકો હાજર જોવા મળ્યા હતા. ઈસરોનું મિશન સૂર્ય લોન્ચિંગ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. કેન્દ્રીય અવકાશ રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ પણ ઈસરોની આ ઐતિહાસિક



ક્ષણના સાક્ષી બન્યા છે. આ મિશન હવામાનની ગતિશીલતા, સૂર્યનું તાપમાન, પૃથ્વી પર અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર અને ઓઝોન સ્તરનો અભ્યાસ કરશે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, સૂર્યનો અભ્યાસ કરીને હવામાનની આગાહીની સચોટતામાં પણ વધારો થશે. આનાથી એવી સિસ્ટમ બનાવવામાં મદદ મળશે, જેના દ્વારા વાવાઝોડાની જાણકારી તરત જ મળી જશે અને એલર્ટ જારી કરી શકાશે. સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (એસયુઆઈટી), આદિત્ય એલ૧ મિશન માટેનું મુખ્ય સાધન, પુણે સ્થિત ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ (આઈયુસીએએ) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

આ ભારતનું પ્રથમ સૂર્ય મિશન હશે. આદિત્ય-એલ૧ અવકાશયાન સૂર્યના કોરોનાના દૂરસ્થ અવલોકનો માટે અને એલ૧ (સૂર્ય-અર્થ લેગ્રેંજિયન બિંદુ) પર સૌર પવનનો વાસ્તવિક અભ્યાસ કરવા માટે બનાવાયો છે. આ સ્થળ પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટર દૂર છે. આ મિશનને લેગ્રાંગિયન પોઈન્ટ-૧ (એલ૧) સુધી પહોંચવામાં લગભગ ચાર મહિનાનો સમય લાગશે. લેગ્રાંગિયન પોઈન્ટ-૧ એ એવી જગ્યા છે જ્યાં સૂર્ય અને પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ સમાન છે.

## પ્રજ્ઞાન રોવર-લેન્ડર વિક્રમને સ્લીપ મોડમાં નાખી દેવાશે

। નવી દિલ્હી, તા.૨ ।

ચંદ્રયાન-૩ ની સોફ્ટ લેન્ડિંગ બાદથી જ પ્રજ્ઞાન રોવરનું ચંદ્ર પર મિશન જારી છે. પ્રજ્ઞાન રોવરે ચંદ્રથી અનેક મહત્ત્વપૂર્ણ જાણકારી ઈસરોને મોકલી હતી. જેની મદદથી ત્યાંની સ્થિતિ વિશે માહિતી મેળવી શકાઈ છે. આ દરમિયાન પ્રજ્ઞાન રોવર ચંદ્ર પર ૧૦૦ મીટરથી વધુનું અંતર કાપી ચૂક્યું છે.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાયપુરમાં એક કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસ સરકાર સામે આરોપ પત્ર રજૂ કર્યા હતા.

### ૭માં પગારપંચ હેઠળ એક નવું અપડેટ આવ્યું

## સંરક્ષણ મંત્રાલયમાં પ્રમોશનની લઘુત્તમ લાયકાતમાં સુધારો કર્યો

। નવી દિલ્હી, તા.૨ ।

૭માં પગારપંચ હેઠળ એક નવું અપડેટ આવ્યું છે. સંરક્ષણ મંત્રાલયે કર્મચારીઓને પ્રમોશન આપવા માટે લઘુત્તમ લાયકાતમાં સુધારો કર્યો છે. આ સુધારો સાતમા પગારપંચ હેઠળ આવતા ડિફેન્સ કર્મચારીઓ અને સૈનિકો પર લાગુ પડશે. ૨૨ ઓગસ્ટે જારી કરાયેલો ઓફિસ મેમોરેન્ડમ મંત્રાલયે મિનિમમ યોગ્યતા સર્વિસ ડિફેન્સ સિવિલિયન કર્મચારીઓના પ્રમોશન માટે જારી કર્યો છે. અહીં આવા કર્મચારીઓના પ્રમોશન માટે ક્રાઈટેરિયા જારી કરાયો છે. કર્મચારીઓના પ્રમોશન અંગે મંત્રાલયે નોટિફિકેશનમાં કહ્યું છે કે અલગ અલગ લેવલ માટે વર્ક એક્સપીરિયન્સ અલગ અલગ હોવો જરૂરી છે. લેવલ ૧થી ૨ સુધીના માટે ત્રણ વર્ષનો અનુભવ જરૂરી છે.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

## સિમ કાર્ડ વેચતી દુકાનોનું ફરી વેરિફિકેશન કરવા ટેલિકોમ કંપનીઓને નિર્દેશ

। નવી દિલ્હી, તા.૨ ।

સિમ કાર્ડને લઈને ફરી સરકારે કેટલાક ફેરફાર કર્યા છે અને એકવાર ફરી નવા સિમ કાર્ડ માટે નિયમો કડક કરી દીધા છે. આ નિયમોની સાથે સિમ લેવા માટેની હાલની જે પ્રક્રિયા છે તેમા કેટલાક ફેરફાર કરી દીધા છે. આ ફેરફાર સિમ યુજર્સની સાથે સાથે દુકાનદારો પર પણ લાગુ થશે જે સિમકાર્ડ વેચે છે. આવો જાણીએ શું ફેરફાર થવાના છે. દુરસંચાર વિભાગ (ડીઓટી)એ સિમ કાર્ડના વેચાણને લઈને નવા નિયમ બનાવ્યા છે, જેમાં ભારતમાં સિમ કાર્ડ કેવી રીતે વેચવા તેમજ તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેના વિશે નવા નિયમો બનાવ્યા છે.

### ભારત-પાકિસ્તાન વચ્ચે એશિયા કપની પ્રથમ મેચ

## મેદાન પર નમાઝ પઢતા પાક. ખેલાડીઓનો ફોટો વાયરલ

। પલ્લેકેલે, તા.૨ ।

ક્રિકેટ ફેન્સ જે મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતાં તેવી એશિયા કપ ૨૦૨૩ની આજની મેચ એટલે કે ભારત વિ. પાકિસ્તાનમેચ શરૂ થયાની થોડી જ વારમાં ત્યાં વરસાદ પડ્યો હતો જેને કારણે મેચ થોડા સમય માટે રોકી દેવામાં આવી હતી. જોકે, હવે મેચ પહેલાનો પાકિસ્તાની ખેલાડીઓનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વાઈરલ ફોટોમાં પાકિસ્તાની ખેલાડીઓએ પીચ પર જ નમાજ પઢી હતી. પાકિસ્તાની ટીમના જે ફોટો સોશિયલ મીડિયા પર



વાઈરલ થઈ રહ્યાં છે એ ફોટો મેચના એક દિવસ પહેલાની પ્રેક્ટિસ સેશનના છે. આ ફોટોમાં પાકિસ્તાની ખેલાડી અને સ્પોર્ટ સ્ટાફ મેદાન પર જ નમાજ પઢતા જોવા મળ્યા હતા.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

### એસટી બસના ભાડામાં ધરખમ વધારો

# રક્ષાબંધનના પર્વ પર એસટી બસ વિભાગને થઇ મોટી આવક



| સુરત, તા.૨ |

તાજેતરમાં જ રક્ષાબંધનનો તહેવાર ઉજવાઇ ગયો છે, સમગ્ર દેશ અને રાજ્યમાં લોકોએ ભાઈ-બહેનનો આ પવિત્ર તહેવાર ભારે ધામધૂમથી ઉજવ્યો છે. હવે આ રક્ષાબંધનના પર્વને લઈને એસટી વિભાગને માટે એક મોટા સમાચાર સુરતમાંથી સામે આવ્યા છે. અહીં એસટી વિભાગને અઠવાડિયાની આવકમાં જબરદસ્ત બમ્પર ઉછાળો નોધાયો છે. મળતી માહિતી પ્રમાણે, રક્ષાબંધન પર્વ પર સુરત એસટી વિભાગે મોટી આવક થઈ છે. છેલ્લા સાત દિવસમાં સુરતમાં આ આંકડો જબરદસ્ત રીતે વધ્યો છે. છેલ્લા ૭ દિવસના ૮ લાખ લોકોએ એસટી બસની મુસાફરી કરી છે, અને આ દરમિયાન એસટી વિભાગને ૪ કરોડની આવક થઈ છે.

એસટી વિભાગની રેગ્યૂલર ૪૦૦ બસ દોડે છે. ખાસ વાત છે કે, શ્રાવણ અને રક્ષાબંધનના પર્વને જોતા વધારાની બસો દોડાવવામાં આવી હતી. એસટી બસ ડિપાર્ટમેન્ટે આ વખતે તહેવારોમાં સૌથી વધારે બસો દાહોદ, અમરેલી, ભાવનગર તરફ દોડાવી હતી, ગઈ ૨૬ થી ૩૧ ઓગષ્ટ સુધી રોજની ૬૦૦ બસો દોડાવવામાં આવી હતી, આ બસોમાંથી હવે તોતિંગ આવક નોંધાઇ છે. સામાન્ય નાગરિકો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યના એસટી બસના ભાડામાં ૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મોંઘવારીના માર વચ્ચે પીસાતી સામાન્ય જનતા પર વધુ એક માર પડ્યો છે. રાજ્યમાં ૧૦ વર્ષ બાદ ગુજરાત સરકારે એસટી બસના ભાડામાં વધારો કર્યો છે. લોકલ બસમાં પ્રતિ કિલોમીટર ૬૪ પૈસાની જગ્યાએ ૮૦ પૈસા કરવામાં આવ્યા છે. એક્સપ્રેસ બસમાં ૬૮ પૈસાના બદલે ૮૫ પૈસા કરવામાં આવ્યા છે.

નોનએસી અને સ્લિપર કોચમાં ૬૨ પૈસાથી વધારીને ૭૭ પૈસા કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે ૧૦ વર્ષ બાદ ભાડામાં વધારો કરતાં મુસાફરોના ખિસ્સાં ખાલી થાય તેવી શક્યતા છે. સરકાર બચાવ કરી રહી છે કે વર્ષ ૨૦૧૪ બાદ અલગ-અલગ કારણોસર નિગમનું આર્થિક ભારણ ખુબ જ વધ્યું છે. જેને પગલે ગુજરાતમાં પણ બસની ટિકિટના ભાવમાં વધારો કરાયો છે. સરકારે નવા દરો પણ જાહેર કર્યા છે. આગામી દિવસોમાં બસમાં મુસાફરી કરો તો વધારે ટિકિટના પૈસા ચૂકવવાની તૈયારી રાખજો.

# ગુજરાતનું હવામાન મોટાભાગે સૂકું રહેવાની આગાહી કરાઈ

### દ. ગુજરાતના નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ તથા દાદરા અને નગર હવેલીના અમુક ભાગોમાં છૂટોછવાયો હળવો વરસાદ જોવા મળી શકે છે

| અમદાવાદ, તા.૨ |

ગુજરાતમાં ઓગસ્ટ મહિના દરમિયાન ચોમાસાએ સંતાકૂકડી રમ્યા પછી સપ્ટેમ્બરની શરુઆત પણ કોરી રહી છે. હજુ પણ ગુજરાતમાં સારા વરસાદની કોઈ સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી નથી. અલનીનોની અસરના કારણે ઓગસ્ટ મહિનો લગભગ કોરો ધાકોર રહ્યો હતો. હવે સપ્ટેમ્બરમાં અન્ય હવામાન નિષ્ણાતો દ્વારા જુન-જુલાઈની યાદ અપાવનારો વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે પરંતુ હવામાન વિભાગે હજુ સુધી આવી કોઈ શક્યતાઓ વ્યક્ત કરી નથી. હાલ રાજ્ય પર વરસાદી સિસ્ટમ નથી અને આગામી સમય માટે પણ હજુ સુધી હવામાન વિભાગે કોઈ શક્યતાઓ દર્શાવી નથી. રાજ્યના અમદાવાદ હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણ દ્વારા રાજ્યનું હવામાન મોટાભાગે સૂકું રહેવાની સંભાવનાઓ શુક્રવારે કરેલી ૭ દિવસની આગાહીમાં વ્યક્ત કરવામાં આવ્યું છે.

જોકે, આ દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગમાં છૂટોછવાયો વરસાદ સિમિત રહેવાની પણ સંભાવનાઓ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. અભિમન્યુ ચૌહાણ દ્વારા રાજ્યની આગાહી કરીને જણાવવામાં આવ્યું હતું કે રાજ્યમાં ભારે વરસાદ થવાની હાલ કોઈ સંભાવનાઓ નથી. જોકે, દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ તથા દાદરા અને નગર હવેલીના અમુક ભાગોમાં છૂટોછવાયો હળવો વરસાદ જોવા મળી શકે છે. હવામાન વિભાગે અમદાવાદમાં પણ ૭ સપ્ટેમ્બર સુધી કોઈ પણ પ્રકારનો વરસાદ થવાની શક્યતાઓ ન હોવાનું જણાવ્યું છે.

આમ રાજ્યમાં અઠવાડિયા દરમિયાન દક્ષિણ ગુજરાતને બાદ કરતા ક્યાંય વરસાદ થવાની શક્યતાઓ નથી. આ સાથે રાજ્યના તાપમાન અંગે પણ આગાહી કરાઈ છે. રાજ્યમં આગામી અઠવાડિયા દરમિયાન તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. જોકે, આ દરમિયાન તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીના ફેરફારો જોવા મળી શકે છે. હમણાં વરસાદ આપતી કોઈ સિસ્ટમ ડેવલપ થવાની સંભાવનાઓ બહુ ઓછી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

### સાળંગપુરના ભીંત ચિત્રો અંગે માફી માંગવું જોઇએ : શ્રી હનુમાન સેના ગુજરાતના પ્રદેશ પ્રમુખ

| અમદાવાદ, તા.૨ |

સાળંગપુર મંદિર સંકુલ માંપ૪ ફૂટની મૂર્તિના નીચે હનુમાનજીને સ્વામિનારાયણ સંતોના સેવક તરીકે દર્શાવતા ભીંત ચિત્રો મુકાતા શ્રી હનુમાન સેના ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને સંયોજક શ્રી રોહિતસિંહ ચૌહાણ એ વિરોધ કર્યો છે આપત્તિ વ્યક્ત કરતા રોહિતસિંહ ચૌહાણ જણાવ્યું છે આ ચિત્રો કોઈ પણ રીતે શાસ્ત્ર સંમત કે ઐતિહાસિક તથ્યો વાળા નથી તેથી મંદિર પ્રશાસન ને સૂચિત કરીએ છીએ સમગ્ર સનાતન હિંદુ ધર્મવલંબીઓ ની માફી માગી અને તત્કાલિક ધોરણ વિવાદિત ચિત્રો હટાવવામાં આવે નહીં તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. વધુમાં રોહિતસિંહ ચૌહાણ જણાવેલ કે ધાર્મિક ભાવના આટ કરવાથી જે પરિણામો ભોગવવા પડે એના માટે તૈયાર રહે શ્રી રોહિત સિંહ ચૌહાણ સમગ્ર પરિસ્થિતિ અને વિવાદ વિશે શ્રી હનુમાન સેનાના હરિયાળા રાષ્ટ્રીય સંયોજક અને કિષ્કિન્દા અંજનીય પર્વત હનુમાન જન્મભૂમિ પીઠાધીશ શ્રી વિધા દાસજી મહારાજ સાથે વિસ્તૃત ચર્ચા કરી છે.

# અંબાજી ભાદરવી પૂનમના મેળામાં સ્વચ્છતા માટે સેવા કેમ્પો વચ્ચે સ્પર્ધા યોજાશે: સૌથી સ્વચ્છ સેવા કેમ્પને અંબાજી મંદિર અને વહીવટી તંત્ર તરફથી એવોર્ડ અપાશે

| પાલનપુર, તા.૨ |

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે યોજાતો ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમ્યાન યોજાનાર છે. આ મહામેળાના આયોજન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અત્યારથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ વર્ષે મેળામાં સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલે મિડીયાને માહિતી આપતા જણાવ્યું કે, અંબાજી ભાદરવી પૂનમના મેળામાં દર વર્ષની જેમ અલગ અલગ સેવા કેમ્પો સેવા માટે આવે છે. તેમણે કહ્યું કે, આ વર્ષે અંબાજી ભાદરવી પૂનમના મેળામાં એક નવિન પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં સ્વચ્છતા માટે તમામ સેવા કેમ્પો વચ્ચે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. એના માટે અંબાજીના તમામ વિસ્તારને પાંચ અલગ અલગ ઝોનમાં વહેચવામાં આવ્યા છે અને તેના સુપરવીઝન માટે પાંચ ટીમો પણ બનાવવામાં આવી છે. સ્વચ્છતા માટે લગભગ ૧૧ જેટલાં માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જેના આધારે દરેક સેવા કેમ્પનું એસેસમેન્ટ અને રેકિંગ કરવામાં આવશે અને એમાં જે સૌથી સ્વચ્છ સેવા કેમ્પને અંબાજી મંદિર અને જિલ્લા વહીવટી તંત્ર તરફથી એવોર્ડ આપવામાં આવશે. આ વર્ષે અંબાજી મેળો પ્લાસ્ટીકમુક્ત થાય એના માટે અપીલ કરતા કલેક્ટરશ્રીએ કહ્યું કે, સેવાકેમ્પો અને યાત્રાળુઓ દ્વારા પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવામાં આવે અથવા તો ઓછામાં ઓછો કરવામાં આવે અને જો પ્લાસ્ટીકનો ઉપયોગ કરવો જરૂરી લાગતો હોય તેવા સંજોગોમાં બાયોડીગ્રેડેબલ પ્લાસ્ટીક કે જીપીસીબીની વેબસાઈટ પર ઉપલબ્ધ હોય તેનો જ ઉપયોગ કરીએ. કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, અંબાજી ભાદરવી પૂનમ મેળામાં સ્વચ્છતા માટે ગયા વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને એક સમિતિ બનાવવામાં આવી છે. અંબાજીના રસ્તામાં આવતા તમામ ગામોની અંદર અને સેવા કેમ્પોમાં જે કચરો પેદા થાય છે એના નિકાલની પણ આખી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અમદાવાદ અને સુરત કોર્પોરેશન તથા આજુબાજુની નગરપાલિકા દ્વારા પુરતા પ્રમાણમાં મેન પાવર આપવામાં આવનાર છે. જેના દ્વારા સતત સફાઈ કાર્ય કરીને મેળા દરમિયાન સ્વચ્છતા જાળવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીસીબીના સહયોગથી કચરાને રિસાઈકલ કરવાનું પણ આયોજન છે તેમ તેમણે જણાવ્યું હતું.

### ઓવર સ્પીડ કાર સીધી ઝાડ સાથે અથડાઇ હવામાં ફંગોળાઇ

| રાજકોટ, તા.૨૬ |

શહેરમાં વર્ષાઋતુનનો વિધિવત રીતે પ્રારંભ થઈ ગયો છે. રવિવારે રાજકોટ શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જોકે, આ વરસાદના કારણે રાજકોટમાં એક મોટી દુર્ઘટના બનતા ટળી હતી. રાજકોટ શહેરમાં એક કાર બેકાબૂ બની હતી અને વૃક્ષ સાથે અથડાઈ ગઈ હતી. રાજકોટ શહેરમાં રવિવારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. શહેરમાં પડેલા ધોધમાર વરસાદથી લોકોમાં ખુશી જોવા મળી હતી. જોકે, વરસાદના કારણે રાજકોટમાં એક દુર્ઘટના બનતા ટળી હતી.

રાજકોટ શહેરમાં રવિવારે સાંજના સમયે એક કાર પૂરપાટ ઝડપે રિંગ રોડ પર નીકળી હતી. આ સમયે આ કાર ચાલકે સ્ટેરીંગ પ રથી કાબુ ગુમાવ્યો હતો અને સીધી જ વૃક્ષ સાથે અથડાઈ ગઈ હતી. આ કાર ઓવર સ્પીડમાં હોવાનું પણ પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું. આ કારની સ્પીડ એટલી હતી કે, તે

### તા.૨૩થી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનાર મેળાની તૈયારીઓની સમીક્ષા માટે

# પાલનપુર ખાતે કલેકટરશ્રી વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

| પાલનપુર, તા.૨ |

અરવલ્લીની ગિરિમાળાઓમાં અખંડ શ્રધ્ધા, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ સમાન વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે યોજાતો ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમ્યાન યોજાશે. આ મહામેળાના સુચારૂ આયોજન અને વ્યવસ્થા માટે બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અત્યારથી જ વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અંબાજી ભાદરવી પૂનમના મેળાની અત્યાર સુધી કરવામાં આવેલ તૈયારીઓની સમીક્ષા માટે પાલનપુર ખાતે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી વરૂણકુમાર બરનાવાલના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટરશ્રીએ વિવિધ સમિતિના અધિકારીઓ સાથે કામગીરી અંગે વિસ્તૃ ત અને ઝીણવટભરી ચર્ચા કરી હતી. અંબાજી ભાદરવી પૂનમના મેળાની વ્યવસ્થા જાળવવા માટે કલેક્ટરશ્રી દ્વારા રચના કરવામાં આવેલા સ્વચ્છતા, કાયદો અને વ્યવસ્થા સહિત જુદી જુદી ૨૮ જેટલી સમિતિઓની કામગીરીની વિગતવાર સમીક્ષા આવી હતી.

કલેકટરશ્રીએ જણાવ્યું કે, અંબાજી ભાદરવી પૂનમના મેળામાં લાખોની સંખ્યામાં પદયાત્રિકો માતાજીના દર્શનાર્થે આવવાની ધારણા છે. અંબાજી આવતા પદયાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી મળે અને સરસ દર્શન થાય તે માટે આપણે સૌએ સેવાભાવના સાથે કાળજીપૂર્વક કામગીરી કરવાની છે. મેળા દરમ્યાન સતત સુંદર સ્વચ્છતા જળવાય તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપનિલ ખરેના અધ્યક્ષસ્થાને સ્વચ્છતા સમિતિ તથા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણાના અધ્યક્ષસ્થાને સલામતિ, કાયદો અને વ્યવસ્થા સમિતિની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્યની જાળવણી માટે આરોગ્ય સમિતિ, આકસ્મિક સારવાર માટે ઈમરજન્સી સારવાર સમિતિ, અંબાજી તરફના રસ્તાઓની મરામત માટે રસ્તા મરામત સમિતિ, મેળા દરમ્યાન પાણીની સુવિધા પુરી પાડવા પાણી પુરવઠા સમિતિ, સતત વીજ પુરવઠો જાળવવા વિદ્યુત પ્રવાહ સમિતિ, દૂધ વિતરણ વ્યવસ્થા માટે દૂધ અને ખાદ્ય સામગ્રી વિતરણ તથા ચકાસણી સમિતિ, વાહન વ્યવહારને લગતા જાહેરનામાઓના અમલ માટે અંબાજી તરફના પ્રવેશમાર્ગો પરના નિયંત્રણ અને પાર્કિંગ સમિતિ, હોટલ અને ગેસ્ટ હાઉસ ધર્મશાળા તપાસણી, પ્રવાસી વ્યવસ્થાપન અને યાત્રાળુઓ આવાસ વ્યવસ્થાપન સમિતિનો સમાવેશ થાય છે.

### બોરસદની સબજેલના બેરેકમાંથી રાત્રે ૨ કલાકે

# બોરસદની સબજેલના બેરેકમાંથી ચાર કેદી ૨૦ ફૂટ ઊંચી દીવાલ કૂદી ફરાર

| અમદાવાદ, તા.૨ |

બોરસદની સબજેલમાંથી ચાર કેદી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ હતી. મોડી રાત્રે બેરેકના સળીયા નીચેનો લાકડાંનો ભાગ કાપી સળિયા ઊંચા કરી ચાર કેદી ફરાર થયા હતા. બેરેક બહાર ઓરડીના પતરાં પર ચઢી ૨૦ ફૂટ ઊંચી દીવાલ કૂદી કેદી ફરાર થઈ ગયા હતા. એક હત્યાનો આરોપી, એક પ્રોહિબિશન અને બે બળાત્કારના આરોપી ફરાર થઈ જતાં જેલતંત્ર દોડતું થયું હતું. રાત્રીના બે વાગ્યાના સુમારે બેરેક નં ૩ માંથી આ કેદીઓ ફરાર થયા હતા. જેલમાંથી કેદીઓ ફરાર થતાં પોલીસ તંત્રની કામગીરી પણ સવાલ ઉઠી રહ્યા છે. નડિયાદ શહેરમાં અમદાવાદી બજાર વિસ્તારમાં



આવેલા એક ઝૂંપડામાં છેલ્લા એક વર્ષથી ધમધમતા જુગારના અડ્ડા ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડયો હતો.

એસ.એમ.સી.ના દરોડામાં ૧૫ જુગારીઓની અટક કરવામાં આવી હતી, જ્યારે આઠ આરો પીઓ વોન્ટેડ છે. જે તમામ ૨૩ આરોપીઓ સામે નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી મામલાની તપાસ નડિયાદ પશ્ચિમ પોલીસને સોંપવામાં આવી છે. નડિયાદના અમદાવાદી દરવાજા બહાર ઉસ્માનભાઈની ચાલીના પાછળના ભાગે આવેલા ઝૂંપડામાં છેલ્લા એક વર્ષથી જુગારનો અડ્ડો ધમધમતો હતો. જેની માહિતી ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને મળતાં બાતમીની ખરાઈ કર્યા બાદ ગુરૂવારે મોડી સાંજે દરોડો કરવામાં આવ્યો હતો.

જેમાં જુગાર રમી રહેલા ૧૫ શખ્સો ઝડપાઈ ગયા હતા, જ્યારે આઠ ઈસમોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂ. ૭૭,૩૯૦, ૧૨ મોબાઈલ તેમજ વાહનો મળી કુલ રૂ. ૨,૨૪,૮૯૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. ખેડા જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા બાદ પણ જવાબદાર પોલીસ મથકના અધિકારી કે કર્મચારીઓ સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

## વિશેષ લેખ

### ચંદ્ર ઉપર પડછાયા જેવા દેખાતા ભૂવાઓમાં બરફના ટુકડાઓ પડેલા છે

# ઈસરોના પ્રથમ સન મિશન PSLV-C57 આદિત્ય-L1નુ સૂર્ય તરફ સફળ પ્રયાણ



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ

ઈસરોએ ચન્દ્રયાન -૩થકી ચન્દ્ર પર સફળ સોફ્ટ લેન્ડિંગ કર્યા પછી હવે ઈસરોએ સૂર્ય તરફ નવી છલાંગ લગાવી છે. ઈસરોના પ્રથમ સન મિશન PSLV-C57 આદિત્ય-L1નુ સૂર્ય તરફ સફળ પ્રયાણથઈ ગયું છે. આ પ્રક્ષેપણ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરપરથી થયું લૉન્ચ થયું આ લૉન્ચિંગ PSLV-XL રોકેટથી કરવામાં આવ્યું છે. આદિત્ય એલ-૧ પ્રક્ષેપણ પછી ઉપગ્રહ PSLVથી અલગ થઈ ગયો હતો.

હવે ભારતના આ પ્રથમ સૌર મિશનને સૂર્ય અને પૃથ્વી વચ્ચેના L1 બિંદુ સુધી પહોંચવામાં ૧૨૫ દિવસ લાગશે. આ ૧૨૫ દિવસ ૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પૂર્ણ થશે. આગામી ચાર મહિનામાં તે લગભગ ૧૫ લાખ કિલોમીટરની મુસાફરી કરીને L1 પોઈન્ટ પર પહોંચશે. જો મિશન સફળ થાય છે અને આદિત્ય અવકાશયાન લેગ્રાંગિયન પોઈન્ટ ૧ પર પહોંચે છે, તો નવા વર્ષમાં ISRO માટે તે એક મોટી સિદ્ધિ હશે. લેગ્રેન્જિયન બિંદુ ૧ એ પૃથ્વીથી સૂર્યના અંતરના માત્ર ૧% છે. આદિત્ય-L1 પાસે સાત પેલોડ એટલે કે સાધનો છે. આના દ્વારા ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર અને સૂર્યના સૌથી બહારના સ્તરો એટલે કે કોરોનાનો અભ્યાસ કરશે . ISRO મુજબ, આદિત્ય-L1 કોરોનલ હીટિંગ, કોરોનલ માસ ઈજેક્શન, પ્રી-ફ્લેર અને ફ્લેર પ્રવૃત્તિઓ અને તેમની લાક્ષણિકતાઓ, અવકાશ હવામાન ગતિશીલતા, કણોના પ્રસાર વગેરેને સમજવામાં મદદ કરશે. ભારતનું આદિત્ય L1 સંપૂર્ણપણે સ્વદેશીછે. આત્મનિર્ભર ભારતનુ આ ઉત્તમ ઉદાહરણ છે. ISROના અધિકારીના જણાવ્યા અનુસાર આદિત્ય L1 એ દેશની સંસ્થાઓની ભાગીદારીથી કરવામાં આવેલ સંપૂર્ણ સ્વદેશી પ્રયાસ છે. બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિક્સ (IIA) વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફે તેના પેલોડ્સ બનાવ્યા. જ્યારે ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ પુણેએ મિશન માટે સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજર પેલોડ વિકસાવ્યું છે.

આ સાથે યુવી પેલોડનો ઉપયોગ કોરોના અને સૌર રંગમંડળને જોવા માટે કરવામાં આવશે, જ્યારે એક્સ-રે પેલોડનો ઉપયોગ સૂર્યના જ્વાળાઓને જોવા માટે કરવામાં આવશે. પાર્ટિકલ ડિટેક્ટર અને મેગ્નેટોમીટર પેલોડ ચાર્જ કરેલા કણના પ્રભામંડળની ભ્રમણકક્ષા સુધી પહોંચતા ચુંબકીય ક્ષેત્ર વિશે માહિતી પ્રદાન કરશે. આપણને પ્રશ્ન થાય કે આદિત્ય યાનને L1 પોઈન્ટ પર જ કેમ મોકલવામાં આવશે ? તો એનું કારણ આદિત્ય યાનને સૂર્ય અને પૃથ્વીની વચ્ચે હેલો ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવશે. L1 પોઈન્ટની ફરતે પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવેલો ઉપગ્રહ કોઈપણ ગ્રહણ વિના સૂર્યને સતત જોઈ શકે છે. આની મદદથી રિયલ ટાઈમ સોલર એક્ટિવિટીઝ અને સ્પેસ વેધર પર પણ નજર રાખી




શકાશે. હવે લેગ્રેન્જ પોઈન્ટ ૧ શું છેતેના વિશે જાણીએ લેગ્રેન્જ પોઈન્ટ એ સંતુલન બિંદુ છે જ્યાં સૂર્ય અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળ સમાન છે. આદિત્ય L1 ને સૂર્ય-પૃથ્વી પ્રણાલીના લેગ્રેન્જ પોઈન્ટ ૧ (L1) ની આસપાસ પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે, જે પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટ દૂર છે. આદિત્ય-L1 મિશનનો ઉદ્દેશ્ય L1ની આસપ ાસની ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરવાનો છે અને સાથે જ ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર અને સૂર્યના સૌથી બહારના સ્તર (કોરોના)ને વિવિધ વેવ બેન્ડમાં અવલોકન કરવાનો છે. આદિત્ય L-1 અભ્યાસ માટે તેની સાથે સાત પેલોડ લઈ જાય છે. ઈસરોએ જણાવ્યું છે કે, "L1 પોઈન્ટની ફરતે પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મુકવામાં આવેલ ઉપગ્રહને કોઈપણ ગ્રહણ વિના સતત સૂર્યનું અવલોકન કરવાનો મોટો ફાયદો છે. આ સૌર ગતિવિધિઓ અને અવકાશના હવામાન પર તેમની અસરને વાસ્તવિક સમયમાં અવલોકન કરવાનો મોકો મળશે.

પૃથ્વીના લેગ્રેન્જ પોઈન્ટ ૧ (L1) અને સૂર્ય સિસ્ટમ સૂર્યની દિશામાં પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર સ્થિત છે. આ બિંદુ બે પદાર્થોને જોડતી રેખા પર આવેલું છે અને સૂર્યની આસપાસ પૃથ્વીના ભ્રમણકક્ષાના માર્ગમાં આવેલું છે. વૈજ્ઞાનિકો માટે રસપ્રદ બાબત એ છે કે L1 બિંદુ પર મૂકવામાં આવેલ કોઈપણ પદાર્થ પૃથ્વી-સૂર્ય પ્રણાલીના સંદર્ભમાં પ્રમાણમાં સ્થિર રહેશે. પદાર્થની આ સ્થિરતા ગુરુત્વાકર્ષણ બળોની ક્રિયાપ્રતિક્રિયાને કારણે થાય છે. આ કારણોસર વૈજ્ઞાનિકો હંમેશા આ સ્થિતિનું અવલોકન કરવા માટે ઉત્સુક રહ્યા છે.

આદિત્ય L1 મિશનથી સૂર્યના લેયર્સની સ્પીડ, સૂરજનું તાપમાન, સોલર સ્ટોર્મ, અલ્ટ્રાવાયોલેટ UV કિરણોનું ધરતી અને ઓઝોન લેયર પર પડતાં પ્રભાવો, સૂર્યની આસપાસનાં અવકાશના હવામાનની માહિતી વગેરે જાણકારી ઈસરો દ્વારા મેળવી શકાશે.

**આદિત્ય-L1 મિશન વિશે માહિતી**

આદિત્ય--૧ અવકાશયાન પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે અને સૂર્યની ભ્રમણકક્ષાના દૂરસ્થ અવલોકન તથા સૂર્ય- પૃથ્વી લેગ્રેંજિયન બિંદુ પર સૌર હવાની સ્થિતિના અભ્યાસ અંગે રચાયું છે.

આદિત્ય-એલ૧ લોન્ચિંગ બાદ પૃથ્વીથી ૧૫ લાખ કિલોમીટર દૂર સૂર્ય તરફ જય લેગ્રેન્જ પોઈન્ટ પર લેન્ડ થશે. જ્યા ૫ વર્ષ સુધી સ્થિતિનું અવલોકન કર્યા બાદ અભ્યાસના તારણો પૃથ્વી પર મોકલશે.

આદિત્ય એલ-૧ મિશનની સફળતા ભારતને ભૌતિક અને સોલર ફિઝિક્સના ક્ષેત્રમા આગળ લઈ જશે. તેવું વૈજ્ઞાનિકોનું કહેવું છે.

પૃથ્વી પરના હિમયુગના ઈતિહાસ પાછળની હકીકત શુ છે તે અંગે પણ આદિત્ય એલ-૧ સર્વે કરશે. આ મિશન સૌર ગતિવિધિઓને સમજવામાં મદદ કરશે.હિમયુગની ભવિષ્યની સ્થિતિ પણ જાણવામાં મદદ થશે.

૧૧ વર્ષમાં સૂર્યમાં કેટલાક ફેરફારો થયા અને આ ફેરફારો ચક્ર તરીકે ઓળખાતા તેની ચુંબકીય પ્રવૃત્તિઓમાં પણ થાય છે કે કેમ? તે તમામ માહિતી મળશે.

આ મિશનની મદદથી આપણે તે શોધી શકીશું. કોરોનલ માસ ઈજેક્શન (CME) ક્યારે થઈ રહ્યું છે.

આદિત્ય એલ૧ની મદદથી સૂર્યમાંથી નીકળતા અલ્ટ્રાવાયોલેટ કિરણોના પ્રવાહ અને તેના પરિણામો અંગે જાણી શકાશે. તથા આ મિશનની મદદથી ઈસરોના વૈજ્ઞાનિકો સૌપ્રથમવાર સૂર્યના ચુંબકીય ક્ષેત્રના હાલના સાધનો વિશે જાણી શકશે.

આદિત્ય-એલ૧ PSLV-C57 રોકેટ દ્વારા લોન્ચ થશે. જેનો ઉદ્દેશ્ય 'L1'ની ચારેકોર ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરવાનો છે. તેમાં સૂર્યના ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર અને આઉટમોસ્ટ લેયર-પેરિફેરીને અલગ-અલગ વેવ બેન્ડમાં જોવા માટે સાત સાધનો લગાવાયેલ હશે.

### હનુમાનજીની મૂર્તિ નીચેના ભીંતચિત્રનો વિવાદ વકર્યો

# મૂર્તિ નીચેના વિવાદિત ભીંત ચિત્રને ખંડિત કરવાનો પ્રયાસ જોવા મળ્યો

## પોલીસે આ શખ્સની અટકાયત કરી પૂછપરછ કરાઈ, પોલીસે બેરિકેટ લગાવીને વિસ્તારને કોર્ડન કર્યો

। સાળંગપુર, તા.૨ ।

સાળંગપુરમાં હનુમાનજીની ૫૪ ફૂટની ઉંચી પ્રતિમા નીચે આવેલા ભીંતચિત્રમાં હનુમાનજીને નીલકંઠવર્ણીને પ્રણામ કરતા બતાવ્યાનો વિરોધ હવે વધુ ઉગ્ર બન્યો છે. આજે સાળંગપુરમાં એક વ્યક્તિએ આ વિવાદિત ભીંતચિત્રો પર કાળો કલર લગાવ્યા બાદ કેટલાક ચિત્રોને ખંડિત કર્યા છે. જો કે પોલીસે આ શખ્સની અટકાયત કરી હતી. પોલીસ દ્વારા આ શખ્સની પૂછપરછ કરાઈ છે. હાલ પોલીસે બેરિકેટ લગાવીને વિસ્તારને કોર્ડન કર્યો છે. તો ઘટનાની જાણ થતા ડીવાયએસપીમંદિરે પહોંચ્યા છે. પ્રાથમિક તપાસમાં ચારણકી ગામના હર્ષદ ગઢવીએ કલર લગાવ્યા હોવાનો આરોપ છે.

આ પહેલા નૌતમ સ્વામીએ આ વિવાદિત ભીંતચિત્રો પર કહ્યું હતું કે આખો સ્વામીનારાયણ સંપ્રદાયનો ઈતિહાસ એનાથી ભરેલો છે. કોઈને વ્યક્તિગત એનાથી નાના મોટા પ્રશ્નો હોય તો યોગ્ય ફોરમ ઉપર જઈને વાત કરી શકે છે. કેટલાક લોકો આનાં સંદર્ભમાં કોર્ટમાં ગયા છે. તો કોર્ટમાં એનો યોગ્ય જવાબ આપવો પડશે. સામાન્ય નાના મોટા માણસોને જવાબ આપવાની સંપ્રદાયનાં કોઈ વ્યક્તિએ જરૂર નથી. આ ઉપરાંત વધુમાં તેણે કહ્યું કે સ્વામિનારાયણ એ ભગવાન છે જે લોકો નથી માનતા એ લોકોને આનાથી તકલીફ થઈ રહી છે સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓએ આનાથી નિરાશ થવાની કોઈ જરૂર નથી.

હનુમાનજીની વિરાટ પ્રતિમાની નીચે લાગેલા કેટલાક ભીંતચિત્રોના ફોટા વાયરલ થયા છે. જેમાં જોઈ શકાય છે કે, ભગવાન હનુમાનજી સહજાનંદ સ્વામીની સામે હાથ જોડીને નમસ્કાર મુદ્રામાં નજરે પડી રહ્યા છે. આ સિવાય અન્ય એક ભીંતચિત્રમાં નિલકંઠવર્ણી (સહજાનંદ સ્વામીનું કિશોરાવસ્થાનું નામ) એક આસન પર બેઠેલા નજરે પડે છે, જ્યારે હનુમાનજી નીચે બે હાથ જોડીને નિલકંઠવર્ણીને નમસ્કાર કરતા હોય તેવું દર્શાવાયું છે. આ ચિત્રો પરથી જ સોશિયલ મીડિયામાં અનેક લોકોએ સાળંગપુર મંદિરમાં હનુમાનજીને સહજાનંદ સ્વામીના દાસ ચિતરવામાં આવ્યા હોવાનો દાવો કરી આક્રોશ વ્યક્ત કરાયો છે. ભક્તોની લાગણી દુભાઈ હોવાનો પણ આરોપ લગાવાયો છે. આ પ્રકારના ભીંતચિત્રો બનાવવા પાછળનો શું ઉદ્દેશ્ય છે તેવા પણ સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

સાળંગપુર ધામમાં હનુમાન દાદાના અપમાન મામલે કથાકાર મોરારીબાપુએ નિવેદન આપ્યું છે. તેમણે આ કૃત્યને કપટ ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, હનુમાનજીનું અપમાન ન ચલાવી લેવાય. આજકાલ દુનિયામાં પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે લોકો કેવા કેવા કપટ કરી રહ્યા છે. અમારા સૌરાષ્ટ્રમાં હનુમાનજીની એટલી સરસ મૂર્તિ મોટી મૂર્તિ છે. અને તેની નીચે ચિત્રમાં હનુમાનજી તેમનાં કોઈ મહાપુરુષને પ્રણામ કરતા, સેવા કરતા દેખાય છે. ત્યારે હવે વિચારો. સમાજે જાગૃત થવાની ખૂબ જ જરૂર છે. લોકો કહે છે બાપુ તમે બોલો. હું બોલ્યો ત્યારે મારી સાથે કોઈ પણ બોલ્યું ન હતું. હવે તમે બોલો.આ મામલે મહંત હર્ષદ ભારતી બાપુએ સ્વામિનારાયણના સંતો પર પ્રહાર કર્યા છે. મહંત હર્ષદ ભારતી બાપુએ કહ્યું કે, હનુમાનજીને ચોકીદાર તરીકે ઉભા રખાયા છે. સ્વામીઓ પાસે શું પૂરાવા છે. સ્વામીઓ પાસે કયા શાસ્ત્રનું પ્રમાણ છે. આ સિવાય તેમણે સંત સમાજને મેદાને ઉતરવાની અપીલ કરી છે. કબરાઉધામના બાપુએ સ્વામીનારાયણના સંતોને ચેતવ્યા છે. મણિધર બાપુએ ચેતવણી આપતા કહ્યું કે, અમે પાયામાં ઉતર્યા તો તમે બધુ મુકી દેશો. કોઈની ઔકાત નથી, હનુમાન દાદાનું અપમાન કરવાની. દાદાનું અપમાન કરનારા તેમના ચરણમાં બેસવાને લાયક નથી. હનુમાન દાદાનું અપમાન કરનારાઓ રાક્ષસ સમાન છે. જેમની વૃતિ રાક્ષસ જેવી હોય તે જ કરે દાદાનું અપમાન. કેટલાક લોકોએ મા અંજનિનું અપમાન કર્યુ છે.

### સાળંગપુર હનુમાનજીની મૂર્તિના ભીંતચિત્રનો વિવાદ

## સાળંગપુર ભીંતચિત્રો હટાવવા સાંસદ રામ મોકરિયાની માગ

સાળંગપુરમાં હનુમાનજીની ૫૪ ફૂટની ઉંચી પ્રતિમા નીચે આવેલા ભીંતચિત્રમાં હનુમાનજીને નીલકંઠવર્ણીને પ્રણામ કરતા બતાવ્યાનો વિરોધ હવે વધુ ઉગ્ર બન્યો છે. આજે સાળંગપુરમાં એક વ્યક્તિએ આ વિવાદિત ભીંતચિત્રો પર કાળો કલર લગાવ્યા બાદ કેટલાક ચિત્રોને ખંડિત કર્યા છે. જો કે પોલીસે આ શખ્સની અટકાયત કરી હતી. બીજી તરફ ભાજપના રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ ભીંતચિત્રો હટાવવાની માંગ કરી છે. રાજકોટના ભાજપના રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ વિવાદને લઈને જણાવ્યું હતું કે, મંદિરનો પુજારી હોય તો તેણે પુજારી તરીકે રહેવું જોઈએ. એ પોતાને ભગવાન માને એવું ના ચાલે. તેમણે કહ્યું હતું કે, હું પણ હનુમાનજીનો ભક્ત છું તેમનું સન્માન જળવાવું જોઈએ. સ્વામિનારાયણ સંપ્રદાયના લોકોએ આવા વિવાદથી દૂર રહેવું જોઈએ. આ ભીંત ચિત્રોથી લોકોની આસ્થાને ઠેસ પહોંચે છે તો તેને દૂર કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે, હિન્દુ સમાજમાં ભાગલા પડે અને લોકો તેનો લાભ લે તેવું ક્યારેય ના કરવું જોઈએ. સાળંગપુરમાં હનુમાનજીની વિરાટ પ્રતિમાની નીચે લાગેલા કેટલાક ભીંતચિત્રોના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. જેમાં જોઈ શકાય છે કે, ભગવાન હનુમાનજી સહજાનંદ સ્વામીની સામે હાથ જોડીને નમસ્કાર મુદ્રામાં નજરે પડી રહ્યા છે. આ સિવાય અન્ય એક ભીંતચિત્રમાં નિલકંઠવર્ણી એક આસન પર બેઠેલા નજરે પડે છે, જ્યારે હનુમાનજી નીચે બે હાથ જોડીને નિલકંઠવર્ણીને નમસ્કાર કરતા હોય તેવું દર્શાવાયું છે. આ ચિત્રો પરથી જ સોશિયલ મીડિયામાં અનેક લોકોએ સાળંગપુર મંદિરમાં હનુમાનજીને સહજાનંદ સ્વામીના દાસ ચિતરવામાં આવ્યા હોવાનો દાવો કરી આક્રોશ વ્યક્ત કરાયો છે.



કોલકાતામાં ભારે વરસાદ પડ્યા પછી રસ્તા પર પાણી ભરાઈ ગયું હતું.

### આઈઆરસીટીસીએ હવે હવાઈ યાત્રાનું પેકેજ જાહેર કર્યું

# આઈઆરસીટીસીનું ગોવાનું ત્રણ નાઈટ ચાર ડેનું હવાઈ યાત્રાનું પેકેજ

## આઈઆરસીટીસી પેકેજમાં પર્યટકો માટે લખનઉથી ગોવા જવા અને આવવાની ફ્લાઈટની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી

। મુંબઈ, તા.૨ ।

આઈઆરસીટીસીએ ભારત ગૌરવ ટ્રેનથી દેશના વિવિધ ભાગોમાં આવેલા પ્રવાસન અને ધાર્મિક સ્થળો પર યાત્રા માટે ટુર પેકેજ શરુ કર્યા છે. તો બીજી બાજુ દેશના ચર્ચિત પ્રવાસન સ્થળોની યાત્રા માટે હવાઈ પેકેજ પણ લોન્ચ કરી રહી છે. આ વખતે આઈઆરસીટીસીએ આવતા મહિનાથી એટલે કે ઓક્ટોમ્બરમાં ગોવા માટે હવાઈ યાત્રાનું પેકેજ તારીખ ૬ ઓક્ટોમ્બર ૨૦૨૩થી ૯ ઓક્ટોમ્બર ૨૦૨૩ સુધી ૩ રાત્રી ૪ દિવસનું પેકેજ જાહેર કર્યુ છે. આ પેકેજમાં પર્યટકો માટે લખનઉ થી ગોવા જવા આવવાની ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે ત્યા રોકાણની વ્યવસ્થા થ્રી સ્ટાર હોટલમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

ગોવામાં સ્થાનિક પરિભ્રમણ કરવા માટે એસી વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ યાત્રા દરમ્યાન ગોવામાં મંગુશી મંદિર, અગુઆડા કિલ્લા, અંજુના બીચ, વેબ સેલિબ્રિટી મોમ સંગ્રહાલય, બેસિલિકા ઓફ બોન જીસસ ચર્ચ, બાગા બીચ વગેરે સ્થળોએ ફેરવવામાં આવશે.

આ પેકેજમાં ત્રણ વ્યક્તિઓને એક સાથે રહેવા સાથેના પેકેજની કિંમત ૩૦૮૦૦ રુપિયા પ્રતિ વ્યક્તિ નક્કી કરવામાં આવ્યું છે. તેમજ બે વ્યક્તિ માટેના પેકેજની કિંમત ૩૧૨૦૦ રુપિયા નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે એક વ્યક્તિને રહેવા સાથેના પેકેજમાં ૩૭૭૦૦ રુપિયા પ્રતિ વ્યક્તિ નક્કી કરવામાં આવી છે.

## કોટક મહિન્દ્રા બેન્કના એમડી અને સીઈઓ પદેથી ઉદય કોટકનું રાજીનામું

। મુંબઈ, તા.૨ ।

દિગ્ગજ બેંકર ઉદય કોટકે પ્રાઈવેટ સેક્ટરની કોટક મહિન્દ્રા બેંકના મેનેજિંગ ડિરેક્ટર તથા સીઈઓપદેથી તાત્કાલિક અસરથી રાજીનામું આપી દીધું છે. બેંકે કહ્યું કે ઉદય કોટક ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ નિવૃત્ત થવાના હતા. તે પહેલાં જ તેમણે રાજીનામું આપી દીધું છે. ઉદય કોટકે બેંકના બોર્ડને એક પત્ર લખ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું કે મારી પાસે હજુ અમુક મહિના બાકી છે પરંતુ હું તાત્કાલિક અસરથી રાજીનામું આપું છું. મેં મારો નિર્ણય વિચારીને લીધો છે અને મારું માનવું છે કે આ કોટક મહિન્દ્રા બેંક માટે સારું રહેશે. ઉલ્લેખનીય છે.

## ઈમરાન ખાનને જેલમાં તેમના વકીલોને મળવા નથી દેવાતા

। ઈસ્લામાબાદ, તા.૨ ।

જેલમાં પૂરાયેલા પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનની મુશ્કેલીઓ વધી રહી છે.હવે એવો દાવો થઈ રહ્યો છે કે, ઈમરાન ખાનને તેમના વકીલો સાથે મળવા દેવાઈ રહ્યા નથી. શુક્રવારે તેમના વકીલ શીરાજ અહેમદ અને ગોહર અલી ઈમરાન ખાનને મળવા માટે જેલમાં પહોંચ્યા હતા. જોકે પોલીસે તેમને રોકી લીધા હતા અને મુલાકાત માટે પરવાનગી આપી નહોતી.ગોહરઅલીએ કહ્યુ હતુ કે, પાકિસ્તાન એમ્બેસીના ગુપ્ત દસ્તાવેજો એક સભામાં જાહેર કરવાના મામલામાં તેમને અટકમાં લેવાયા છે. કોર્ટે આદેશ આપ્યો હોવા છતા અમને ઈમરાન ખાનને મળવા દેવાયા નથી.

**ન્યૂઝ બ્રિફ**

### મેચ પહેલા કોહલી અને રઉફ વચ્ચે શું વાતચીત થઇ?

। નવી દિલ્હી, તા.૨ ।

એશિયા કપનો સૌથી રોમાંચક મુકાબલો આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે જોવા મળશે. આ મેચમાં ભારતના બેસ્ટમેન અને પાકિસ્તાની પેસ શાહીન આફ્રિદી, નસીમ શાહ, હારિસ રઉફ વચ્ચે સીધી ટક્કર હશે. આને આ વર્ષનો સૌથી હાઇપ્રોફાઇલ મુકાબલો માનવામાં આવે છે. આ મેચ પલ્લેકેલમાં બપોરે ૩ કલાકે શરૂ થશે. આ મેચ પહેલા ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓની મુલાકાતનો વીડિયો ચર્ચામાં છે. જેમાં હારિસ રઉફ અને વિરાટ કોહલી એકબીજાને ગળે મળતાં જોવા મળે છે. એકબીજાના ખબર પૂછી રહ્યા છે. આ દરમિયાન બન્ને પચાસ ઓવર ફોર્મેટને લઈને વાત કરી હતી. વિરાટ અને રઉફ એકબીજાને મળીને ખુશ લાગી રહ્યા હતા. આ દરમિયાન રઉફે મોહમ્મદ સિરાજ સાથે પણ વાત કરી હતી. ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને બાબર આઝમ વચ્ચે પણ મુલાકાત થઈ હતી. ઉપરાંત કિંગ કોહલીએ પાકિસ્તાનના બીજા ખેલાડીઓ શાહીન શાહ આફ્રિદી અને શાદાબ ખાન સાથે પણ મુલાકાત કરી હતી. આ વીડિયો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શરે કર્યો છે. આ વીડિયો પ્રેક્ટિસ સેશનનો છે. વીડિયોમાં રઉફ વિરાટને કહે છે કે, જ્યાંથી નિકળું છું લોકો કોહલી-કોહલીની બુમો પાડે છે. આ સાંભળીને વિરાટ હસવા લાગે છે. પછી બન્ને આગળ વધે છે અને એકબીજાને ગળે મળે છે. આ વીડિયોમાં વિરાટ રઉફને પૂછે છે કે બોડી ઠીક છે? પછી રઉફ કહે છે કે, બસ લાગેલા છે. આની પર વિરાટ કહે છે કે, ખૂબ જ મોટી ટૂર્નામેન્ટ આવી રહી છે. વિરાટનો ઈશારો વર્લ્ડ કપ તરફ હતો.

### હિતધારકોની સાથે ચર્ચા-વિચારણાંની તકો માટે પગલું

# કેનેડાએ ભારત સાથેની અનેક વર્ષોથી ચાલતી વેપાર મંત્રણા અટકાવી દીધી

## વેપાર મંત્રણા જટિલ પ્રક્રિયા હોય છે અને કેનેડાએ સ્થિતિનું આકલન કરવા રોક લગાવી દીધી હોવાનું અનુમાન દેખાયું

। નવી દિલ્હી, તા.૨ ।

કેનેડાએ જી-૨૦ સમિટથી પહેલાં ભારત સાથે અનેક વર્ષોથી ચાલતી વેપાર મંત્રણા અટકાવી દીધી છે. વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની સરકારે ગત મહિને ભારત સાથેની વેપાર મંત્રણા પર રોક લગાવવા આગ્રહ કર્યો હતો કેમ કે કેનેડાના નેતા જી-૨૦ નેતાઓના સમૂહના શિખર સંમલન માટે દિલ્હીની મુલાકાતે આવી રહ્યા છે. કેનેડામાં ભારતીય હાઈકમિશન સંજય કુમાર વર્માએ આ અંગે પુષ્ટી કરી હતી કે ટૂડોની ટીમે આ



રોકની પહેલ કરી હતી. અહેવાલ અનુસાર સંજય કુમાર વર્માએ કહ્યું કે કેનેડા તરફથી ભારત સાથેના વેપાર સમજૂતિ પર ઝડપથી ચાલી રહેલી વાતચીત પર થોડાક સમય માટે રોક લગાવવા આગ્રહ કરાયો છે. જોકે મારી પાસે હજુ કોઈ સચોટ કારણ આવ્યું નથી પરંતુ વધારે પડતી શક્યતા એ છે કે આ રોકથી હિતધારકોની સાથે વધારે ચર્ચા-વિચારણાંની તકો મળશે.

ટ્રૂડોની આગામી ભારતની યાત્રા વિશે એક બ્રીફિંગમાં સરકારી અધિકારીઓએ પત્રકારોને કહ્યું હતું કે વેપાર મંત્રણા એક લાંબી અને જટિલ પ્રક્રિયા હોય છે અને કેનેડાએ સ્થિતિનું આકલન કરવા માટે રોક લગાવી દીધી છે. નામ ન જાહેર કરવાની શરતે અધિકારીએ આ માહિતી આપી હતી.

### દિનાર, રિયાલ, પાઉન્ડ, ડોલર વગેરે મજબુત કરન્સી

# ઈરાનની ઈરાનિયન રિયાલ દુનિયાની સૌથી નબળી કરન્સી

## ઈરાન બિઝનેસ અને તેનુ કેપિટલ જીડીપીના મામલે પછાત દેશ, અર્થવ્યવસ્થા મુખ્યરુપે તેલ-ખેતી પર નિર્ભર

। નવી દિલ્હી, તા.૨ ।

તમે વિશ્વની સૌથી મજબુત કરન્સી વિશે તો સાંભળ્યુ હશે. જેમા દિનાર, રિયાલ, પાઉન્ડ, યુરો તેમજ ડોલર વગેરે સૌથી મજબુત કરન્સી છે.

કુવેતની દિનારની રુપિયાની તુલનામાં ૧ કેડબલ્યુડીમાં ૨૬૮ રુપિયા મળી શકે છે. કારણ કે આ દેશની કરન્સી એટલી નબળી છે કે આ સમીકરણ ઉલ્ટુ થઈ ગયુ છે.

ઈરાનની કરન્સી ઈરાનિયન રિયાલ દુનિયાની સૌથી નબળી



કરન્સી છે. જેમા રોચક વાત એ છે કે આજ નામની અન્ય એક કરન્સી ઓમાની રિયાલ દુનિયાની સૌથી મજબુત કરન્સીમાંથી એક છે. જ્યા ૧ રુપિયામાં ૫૧૬ ઈરાનિયન રિયાલ મળી શકે છે. ઈરાન બિઝનેસ અને તેનુ કેપિટલ જીડીપીના મામલે ઘણો પછાત દેશ છે, અહીની અર્થવ્યવસ્થા મુખ્યરુપે તેલ અને ખેતી પર નિર્ભર છે.

બીજી સૌથી નબળી કરન્સી વિયેતનામ ડોંગ. વિયતનામ એક વિકસતી અર્થવ્યવસ્થા છે. જેના કારણે અહીની કરન્સી નબળી હોવી દેશ માટે એક રીતે નુકસાન માનવામાં આવે છે. ૧ રુપિયામાં ૨૮૪ વિયેતનામ ડોંગ ખરીદી શકાય છે. વિયતનામની અર્થવ્યવસ્થા વિશે ૨૦૨૪ માં ૬.૫ ટકાના દરે વધારો કરવાનો અનુમાન છે.



શ્રીહારીકોટામાં સતિષ ધવન સ્પેસ સેન્ટરમાં ભારતના પ્રથમ સૌર મિશન આદિત્ય-એલ-૧ના લોકાર્પણ જોવા માટે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં.

### અમેરિકામાં કોરોના ફરી એક વખત માથુ ઉંચક્યું

## યુએસમાં કોરોનાના હોસ્પિટલમાં દર્દીની સંખ્યામાં ૧૯ ટકા વધારો

। વોશિંગ્ટન, તા.૨ ।

અમેરિકામાં કોરોના ફરી એક વખત માથુ ઉંચકી રહ્યો છે. અમેરિકામાં ઉનાળાનો અંત આવી રહ્યો છે ત્યારે કોરોનાના કેસોમાં ફરી વધારો નોંધાઈ રહ્યો છે.

એક જ સપ્તાહમાં કોરોનાના કારણે હોસ્પિટલમાં ભરતી થયેલા દર્દીઓની સંખ્યામાં ૧૯ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે કોરોનાના કારણે થતા મોતની સંખ્યા ૨૧ ટકા જેટલી વધી ગઈ છે. મળતા આંકડા અનુસાર એક જ સપ્તાહમાં ૧૦૦૦૦ લોકોને કોરોનાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવાનો વારો આવ્યો છે.

અમેરિકાના સેન્ટર ફોર ડિસિઝ કન્ટ્રોલના ડાયરેક્ટર મેંડી કોહેનનુ કહેવુ છે કે, જે લોકોએ કોરાનાની રસી નથી લીધી તેમના માટે કોરોના જોખમરૂપ સાબિત થઈ શકે છે. જેમને પહેલા કોરોના નથી થયો અથવા જેમની ઉંમર વધારે છે.

## તંત્રી લેખ...

# વેબસાઈટની નકલ

સાઈબર ક્રાઈમને લઈને દેશની સર્વોચ્ચ અદાલતની ચિંતા સુખદ છે. સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીએ એક એડવાઈઝરી બહાર પાડી છે અને લોકોને એ કૌભાંડ વિશે ચેતવ્યા છે, જેમાં સાઈબર અપરાધી લોકોની અંગત માહિતી અને ગોપનીય ડેટા ચોરવા માટે સર્વોચ્ચ ન્યાયાલયના નામનો ઉપયોગ કરી રહ્યા હતા. આ કેટલી સંગીન વાત છે કે સાઈબર અપરાધીઓ સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટની પણ નકલ બનાવી ચૂક્યા છે અને તેના દ્વારા લોકોને ભરમાવવામાં આવે છે. સાઈબર અપરાધી લોકોને આ વેબસાઈટ દ્વારા વિવિધ પ્રકારના વ્યક્તિગત વિવરણ માંગે છે અને દેખીતું છે કે તેનો ઉપયોગ છેતરપિંડી માટે જ થાય છે. દેશમાં સર્વોચ્ચ ન્યાયલય પ્રત્યે લોકોમાં બહુ સન્માન અને વિશ્વાસની ભાવના છે. જો કોઈ ન્યાયાલયનું નામ ખરાબ કરવા માંગે છે તો તે અક્ષમ્ય અપરાધ છે. ન્યાયાલયની રજિસ્ટ્રીએ સલાહ આપી છે કે લોકો બહુ પરખ્યા બાદ જ કોઈ વેબસાઈટ સાથે જોડાય. સર્વોચ્ચ ન્યાયાલય ક્યારેય પણ કોઈ વ્યક્તિની કોઈ ગોપનીય માહિતી નથી માંગતી. સલાહ આપવામાં આવી છે કે લોકો કોઈપણ પ્રાપ્ત લિંકની પ્રામાણિકતાની ખરાઈ કર્યા વિના ના તો ક્લિક કરે કે ના તેને કોઈની સાથે શેર કરે. ન્યાયાલયના આ દિશાનિર્દેશનું અક્ષરશઃ પાલન થવું જોઈએ. દેશમાં લોકોને ફસાવવાની કોશિશ થતી જ રહે છે, જેને સાઈબર ભાષામાં 'ફિશિંગ' કહે છે, આ ફિશિંગ વિરુદ્ધ પૂરતી કડકાઈ રાખવાની જરૂર છે. ખાસ કરીને જે પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય સંસ્થા છે, તેના નામ કે યુઆરએલ સાથે ભળતા કોઈપણ નામનું રજીસ્ટ્રેશન ન થવું જોઈએ. ડોમેન વેચનારી કોઈપણ કંપનીને સતર્ક કરવી જોઈએ કે ભળતા નામે કોઈપણ અપરાધી કોઈ વેબસાઈટ ન ખોલી શકે. આજે જો સર્વોચ્ચ ન્યાયાલયે દિશા-નિર્દેશ જારી કરવા પડ્યા છે, તો સ્થિતિની ગંભીરતા બદી જવાબદારી સરકારી સંસ્થાઓએ સમજવી જોઈએ. એક તો વેબસાઈટના ભળતા નામને મંજૂરી જ ન મળે અને જો કોઈ ચોરીથી એવી વેબસાઈટ બનાવી પણ લે તો તેને આકરો દંડ કરવો જોઈએ. કેટલીય સરકારી કે બિનસરકારી સંસ્થાઓનાં નામ અને વેબસાઈટની સચ્ચાઈ સુનિશ્ચિત કરતાં સાઈબર સેવાઓનો વિસ્તાર કરવો જોઈએ. જમતાડા અને મેવાત જેવા ક્ષેત્રોમાં બેસીને દેશ અને ઈન્ટરનેટ સેવાની વિશ્વસનીયતા સાથે રમત કરી રહેલા અપરાધીઓ પર સકંજો કસવો અનિવાર્ય છે. જો આવી છેતરપિંડી રોકવા માટે જવાબદાર સંસ્થાઓ યોગ્ય રીતે કામ કરતી હોત તો ન્યાયાલયે આજે દિશા-નિર્દેશ જારી કરવાની જરૂર ન પડતી. સાઈબર દુનિયામાં થી રહેલી લાખો રૂપિયાની ઠગાઈ અસલમાં દેશની કાયદો-વ્યવસ્થાને પડકાર છે.

## ડિગ્રી વગર પણ કમાઇ શકો છો લાખો રૂપિયા




સારી કારકિર્દી માટે સારું શિક્ષણ અને અનુભવ હોવો ખૂબ જ જરૂરી છે. પરંતુ એવા લોકો પણ છે જેઓ કોલેજમાં જઈને અભ્યાસ કરી શક્યા નથી, જેમની પાસે ડિગ્રી નથી. પરંતુ કારકિર્દીના ઘણા વિકલ્પો છે જેમાં તમે ડિગ્રી વિના પણ સારી કમાણી કરી શકો છો. આજે અમે એવા કરિયર વિકલ્પો વિશે જણાવી રહ્યા છીએ. સારી કારકિર્દી માટે સારું શિક્ષણ અને અનુભવ હોવો ખૂબ જ જરૂરી છે. પરંતુ એવા લોકો પણ છે જેઓ કોલેજમાં જઈને અભ્યાસ કરી શક્યા નથી, જેમની પાસે ડિગ્રી નથી. પરંતુ કારકિર્દીના ઘણા વિકલ્પો છે જેમાં તમે ડિગ્રી વિના પણ સારી કમાણી કરી શકો છો. આજે અમે એવા કરિયર વિકલ્પો વિશે જણાવી રહ્યા છીએ. ૧)**Event Planner** - ભારતમાં જેટલા ભવ્ય લગ્નો થાય છે, તેટલી જ ઈવેન્ટ પ્લાનર્સની માંગ વધે છે. ઈવેન્ટ આયોજકોને કોઈ ઔપચારિક ડિગ્રીની જરૂર નથી, પરંતુ તેમની પાસે સારી વાતચીત કુશળતા, સર્જનાત્મક વિચારો અને નવી ડિઝાઈન વિશે વિચારતું મન હોવું જોઈએ. ૨)જો તમે ઘણી ભાષાઓ જાણો છો અને નવી ભાષાઓ શીખવાના શોખીન છો, તો તમે અનુવાદકની પોસ્ટ પર કામ કરી શકો છો. ૩)**Website Developer** - જો તમે કોલેજમાં છો અને ટેક્નોલોજીમાં તમારી કારકિર્દી બનાવવા માંગો છો તો તમે નાના બજેટ સાથે સ્ટાર્ટઅપ માટે વેબસાઈટ ડેવલપ કરી શકો છો. આ માટે ગ્રેજ્યુએશનની ડિગ્રી લેવાની જરૂર નથી. ૪)**Real Estate Agen** - યુવાનો માટે ઘર વેચવું એ એક વિશેષ કારકિર્દી વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. રિયલ એસ્ટેટ એજન્ટનું કામ ૧૨મા ધોરણની ડિગ્રી સાથે સરળતાથી કરી શકાય છે પરંતુ મકાનો વિશે શક્ય તેટલું જ્ઞાન હોવું જરૂરી છે. ૫)**Dog Trainer** - ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ડોગ ટ્રેનર્સની જરૂરિયાતમાં વધારો જોવા મળ્યો છે. ડોગ ટ્રેનર બનવા માટે કોઈ ઔપચારિક ડિગ્રીની જરૂર નથી, પરંતુ ડોગ્સ પ્રત્યે પ્રેમ અને તેમને તાલીમ આપવાનો અનુભવ હોવો જોઈએ. ૬)**Artist / Painter** - આજે, સોશિયલ મીડિયા દ્વારા, સ્વતંત્ર કલાકારો વિશ્વભરમાં તેમની પ્રતિભા બતાવી રહ્યા છે. જેના કારણે ક્યારેક આ કલાકારોને પ્રખ્યાત બ્રાન્ડના સહયોગથી સારું કામ મળે છે. જેના કારણે તેઓ લોકોમાં પોતાનું કામ બતાવી શકે છે. અને આ એક સર્જનાત્મક ક્ષેત્ર છે. ૭)**Social Media Manager** - છેલ્લા કેટલાક વર્ષોમાં સોશિયલ મીડિયા માર્કેટિંગ જોબ્સ, એજન્સીઓ અને ફ્રીલાન્સર્સમાં જંગી વૃદ્ધિ થઈ છે. નાના સ્ટાર્ટ-અપથી લઈને મોટી બ્રાન્ડ સુધી, દરેકને અલગ અભિગમની જરૂર હોય છે.

# સમાજ માટે જે હળાહળ ઝેર પીવે એને નીલકંઠ કહેવાય, જે હળાહળ જૂઠંનું ઝેર ઓકતાં હોય એને નીલકંઠ કંઈ રીતે કહી શકાય???



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



દિવસે દિવસે વિજ્ઞાન આપણે ૨૧મી સદીમાં પહોંચી ગયા છીએ એ પ્રતિપાદિત કરતી નવી નવી શોધો કરે છે, અને ભારત પણ એમાં હરણફાળ ભરી રહ્યું છે. હજી તો ચંદ્રયાન ૩ ની સફળતાને દસ દિવસ થયા ત્યાં આંધ્ર પ્રદેશના હરિકોટા થી વળી ઈસરો ની સોમનાથજી ટીમ દ્વારા તૈયાર થયેલ આદિત્ય એલ ૧ લોન્ચ થયું. આ બધું જ શિક્ષણ ને કારણે જ શક્ય બન્યું છે, અને આવતીકાલે શિક્ષક દિવસ પણ છે, એટલે શેની પર લખવું? એ વિચારતી હતી. પણ અંતે સનાતન ધર્મના પાયાને હલાવવાની કોશિશ કરનાર પર જ લખવું યોગ્ય લાગ્યું! કારણકે આપણે સૌએ નાનપણમાં બે કૂતરાં અને એક બિલાડીની વાર્તા સાંભળી છે, પણ સમજ્યા નથી! સાંપ્રત સમયમાં હિન્દુ સનાતન ધર્મ આ રીતે અંદરોઅંદર આવાં વિરોધને વધારશે તો એ બોધકથા જેમ અન્ય કોઈ રોટલીનો લાભ લઈ જશે! એ વાતમાં કોઈ શંકા નથી, અને યકીન માનો કેટલાય એ તકની રાહ જોઈને જ બેઠા છે.

વિધર્મીઓ હિન્દુઓ ઉપર રાજ કરવા માંગે એ તો હજી પણ સમજાય, પરંતુ હિન્દુ ધર્મના સંપ્રદાયો જ સનાતન ધર્મને નીચો ગણાવી, પોતાની સત્તા સ્થાપવા માંગે એ જરા પચતું નથી, પણ એવું થઈ રહ્યું છે, એ હકીકત છે, અને પાછું વારંવાર થાય છે. એટલે તુલસીના રામચરિત માનસમાં કળિયુગના વર્ણન મુજબ ધર્મ જ્યારે ધંધો બનશે એ કાળ એટલે કળિયુગ એવું સ્પષ્ટ લખ્યું છે. પરંતુ આપણે વાત સમાજની કરવાની છે કે સમાજ આજે બૌદ્ધિકતાની દ્રષ્ટિએ કેટલો આગળ નીકળી ગયો છે કે, ચંદ્રયાન ૩ દ્વારા ચંદ્ર સુધી પહોંચી ગયો પણ ધર્મની માનસિકતા હજી એની બદલાઈ નથી. એટલે કે કોઈને ગમે તે કહી દેવું, અને અમારા ભગવાન જ શ્રેષ્ઠ. જ્યારે પણ અમુક સનાતની તો સહિષ્ણુતા દાખવી બધું જ સાંભળી લેતા હોય છે, અને એવા લોકોને કારણે જ ધર્મનું આચરણ જોઈએ એટલું થતું નથી. એમનો દાવો હોય છે કે આપણે જો સાચા સનાતનનીઓ હોઈએ તો, આપણા ભગવાનને કોઈ ગમે તે કહે, આપણા મન મંદિરમાં સ્થાપિત થયેલી એની મૂર્તિને કે એ શ્રદ્ધાને કહી જ થવાનું નથી, અને એ વાત નિશંકપણે સત્ય છે. પરંતુ આવનારી પેઢીમાં હજી આપણા સનાતન હિન્દુ દેવ દેવતાઓ પ્રત્યે દ્રઢ વિશ્વાસ કેળવાય એ પહેલા આવી ઘટના ઉભી કરી, અને એને વિચલિત કરવાનું, એને ધર્મ ને નામે ગુમરાહ કરવું અથવા તો પોતાના ધર્મની આસ્થા તોડવાનું આ આખું એક બહુ મોટું કાવતરું છે, એટલે કે બહુ સમજી વિચારીને ચાલવામાં આવેલી એક ચાલ છે, અને સમાજ એનો ભોગ કેટલા લાંબા સમયથી બનતો જાય છે, અને કદાચ એટલે જ આજની પેઢી વિદેશમાં પોતાનું જીવન વધુ સુરક્ષિત જુવે છે.

હાં તમે બધા જ સાચું સમજ્યા છો, ગઈકાલે બધી જ ન્યુઝ ચેનલો એ, પોતે જાણે હનુમાનજી ને જાણતાં જ ન હોય એ રીતે સમાચારો પ્રદર્શિત કર્યા. એટલે કે ફલાણાએ આમ કહ્યું! અને એના જવાબમાં આ સ્વામીએ આમ કહ્યું! આ સાધુ ભગતે આમ કહ્યું! આ સંત એ આમ કહ્યું! પણ પોતાનો કોઈ જ વિચાર એમાં એમણે મૂક્યો નથી, તો શું મીડિયા લોકોને ગુમરાહ કરવા માટે જ છે? કે ઉશ્કેરવા માટે છે? આવા પ્રશ્નો હવે સમાજના લોકોના મનમાં જાગવા જોઈએ. સરકારે પણ ચૂંટણી સમયે આવા લોકો પાસેથી પૈસા લેવા ન જોઈએ જેથી કરીને ખરે ટાણે મૌન રહીને સમાજને અવિશ્વાસ કરવા માટે પ્રેરે! બીજું સમાજના ધનવાનો એ પણ આવા ધર્મની બદલે ધંધો કરનારને દાન આપવાનું બંધ કરી દેવું જોઈએ! અને ત્રીજું અને અતિ મહત્વનું કે વાતમાં કેટલી સચ્ચાઈ છે, એ જાણ્યા વગર આવાં વિવાદ ઉભો કરનારા મેસેજોને કે વિડિયો ને ફોરવર્ડ કરવા નહીં.

હવે મહત્વની વાત એ કહેવાતા ધર્મ સંપ્રદાયના સ્વામીએ કહ્યું કે હનુમાનજી તો અમારા સ્વામીના કે અમારા ભગવાનના સેવક હતા, અને એ જ નહીં શંકર પણ સેવક હતા, અને મા પાર્વતી પણ સેવક હતા, અને છે એ નિર્વિવાદ સત્ય છે. આપણે કોઈ માનસિક ડિસઓર્ડર વ્યક્તિ પાસેથી ડાહ્યોડમરો થઈને બેસી રહે, એવી અપેક્ષા રાખી ન શકીએ. એમ આ લોકો પોતાની માનસિક ડિસઓર્ડરતા પોતાની હાથે જ ઊભી કરી છે. એટલે કે આપણે બધા જ જાણીએ છીએ કે સાળંગપુર હનુમાનના મંદિરમાં ૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની મૂર્તિનું હમણાં થોડા સમય પહેલા જ અમિત શાહના હાથે અનાવરણ થયું અને વર્ષોથી સાળંગપુર મંદિર ધમધમાટ ચાલે છે. અહીં ધમધમાટનો અર્થ સૌ કોઈ સમજી જશે!

કેટ કેટલા દાન આવે છે, અને કે કેટલા શ્રદ્ધાળુઓ પોતાની આસ્થા અહી રોજ નગદ રૂપે રાખી જાય છે. હવે જો હનુમાનજી સેવક હતા તો ૫૪ ફૂટ લાંબી પ્રતિમા હનુમાનજીની શું કામ મૂકવામાં આવી? એ કહેવાતા સ્વામીની પ્રતિમા મૂકી હોત તો! અને મંદિર પણ હનુમાનજીનું શું કામ બનાવવામાં આવ્યું? વિચારો! વિચારો! વિચારો! હવે તો બધા વિચારો! કે ધર્મ ને નામે ધંધો કરવો છે!: અને એટલું પણ જાણતા નથી કે આપણે શું બોલી રહ્યા છીએ! સમાજમાં ઈશ્વર તરીકે જે પ્રતિષ્ઠિત છે, લોક હદયમાં જેની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે, એની જ મૂર્તિઓ આમ જાહેરમાં મુકાતી હોય એટલું સત્ય તો સમાજનો નાનામાં નાનો માણસ પણ સમજી શકે! અને હનુમાનજી તો એટલી હદે લોક હ્દયમાં ચાહના મેળવી ચૂક્યા છે કે, આપણા નાના નાના શેરી મહોલ્લામાં પણ હનુમાનજીનું નાનકડું એવું મંદિર જોવા મળે છે. કારણ કે બધાને ખબર છે કે હનુમાન એ કોઈ અનુમાન નથી!: એ સાક્ષાત દેવ છે, એ પવનપુત્ર છે, અને શ્વાસ વગર કોઈના જીવન શક્ય નથી! આપણને ખબર નથી કે, એ કહેવાતા સ્વામીનો શ્વાસ પર કદાચ કંટ્રોલ હોય! પણ જ્યારે પણ શ્વાસ લેશે, ત્યારે એને પણ પ્રાણવાયુ જ લેવો પડે, અને પ્રાણ વાયુ એટલે જ હનુમાન. તો હનુમાનને લોક હદયમાંથી કાઢવાની વાત તો એકબાજુ છે. સમાજ માટે જે હળાહળ ઝેર પીવે એને નીલકંઠ કહેવાય! જે આ રીતે હળાહળ જૂઠંનું ઝેર ઓકતાં હોય એને નીલકંઠ કંઈ રીતે કહી શકાય? એ વાત હવે સમાજે વિચારવાની જરૂર છે. બીજું હનુમાનજી એ કહ્યું હતું કે હું પ્રભુ રામનો સેવક છું, ભગવાન શ્રી રામ એ ક્યારેય એવું કહ્યું નથી કે હનુમાનજી મારા સેવક છે. એટલે અન્ય ને નીચાં દેખાડી ને મહાન બનનારા ને ભગવાન કેમ કહેવા એ હવે સમાજ એ વિચારવાનું છે.

આવા કોઈ બાલીશ લોકો આવી કોમેન્ટ કરી જાય અને એને કારણે, સતત ચર્ચામાં રહેવું અને સમાજને કેમ પ્રભાવિત કરવો કે ઉશકેરવો એની પહેરવીમાં પડેલા ચેનલો વાળા પોતાનો ટીઆરપી વધારવા ગમે તે ન્યુઝ, ગમે તે રીતે પ્રસારિત કરે! કારણકે આખરે બધાને ધંધો કરી લેવો છે. પરંતુ સમાજ એ હવે સમજવાની જરૂર છે, કે આવા વિખવાદનુ પરિણામ બહુ ખરાબ આવે છે. સનાતન ધર્મ એના નામમાં જ સનાતન શબ્દ સમાવીને બેઠો છે, અને એને પોતાની શાશ્વતી માટે કોઈ ના પ્રમાણની જરૂર નથી. કોઈ નાં બોલવાથી કંઈ થવાનું નથી તે સમાજ પણ જાણે છે, પણ જો સાચી શાંતિ જોઈતી હશે તો આવું બધું કાયમ માટે બંધ થાય એવું કંઈક કરવું પડશે! એટલે જડબેસલાક જવાબ દેવો પડશે! વિરોધ કરવો! નારા લગાવવા! કે પછી મોરચો કાઢવો અને પોત પોતાના વિચારો રજૂ કરતા વિડિયો પોસ્ટ કરવા એ આનો જવાબ નથી, આવાં સમાજને તોડનાર વિવાદને સમર્થન આપ વાનું બંધ કરીશું, કે એને ચગાવવાનું બંધ કરીશું, એટલે આપોઆપ બધું બંધ થઈ જશે, અને એ પણ સમજે જ છે કે સ્વામી કે સંત એ ભગવંત પણ નથી, અને હનુમંત તો કોઈ કાળે નથી. હનુમાનજી માત્ર ને માત્ર પ્રભુ શ્રી રામના સેવક છે, અને કાયમ રહેશે! અને એ પણ એને દાસ બનવું હતું એટલે! સ્વામીમાં સ્વામીત્વ હોવું પણ જોઈએ ને! તો કોઈ સેવક બને!

હનુમાનજી ભગવાન શંકરનાં અવતાર છે અને પ્રભુ શ્રી રામ એ રામેશ્વર જ્યોર્તિલિંગની સ્થાપના કરી છે, એ બતાવે છે કે પ્રભુ શ્રી રામ અને હનુમાન એ બંને સનાતન ધર્મમાં ઉભય ભક્તિ ના પ્રતિક છે. તો આવાં બાલિશ નિવેદન પર આપણે વિચલિત ન થઈએ, આપણી હનુમાનજી માં અને સનાતન ધર્મમાં શ્રદ્ધા અખંડ રહે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું.

### શ્રાવણ માસમાં શિવમહિમા -૧૮

# મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગનો મહિમા જાણીએ

**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





શ્રાવણ માસ સડસડાટ પસાર થઈ રહયો છે. મેઘરાજા મહેરબાની કરે તેવી પ્રાર્થના ધરતી પુત્રો અને પશુપાલકો માટે શિવ ભક્તો કરી રહયા છે ત્યારે આજે આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા ૧૮માં મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ. દેશના બાર જ્યોતિર્લિંગ પૈકીનું બીજું મલ્લિકા ર્જુન જ્યોતિર્લિંગ જે આંધ્રપ્રદેશના શ્રીશૈલમ ખાતે આવેલ છે.અહીં માન્યતા છે કે અમાસના દિવસે સ્વયં શિવજી અને પૂનમના દિવસે માતા પાર્વતી આવે છે ધર્મમાં અમે શ્રાવણ મહિના નિમિત્તે એના ત્રીસ દિવસ શિવ મહિમા ગુણગાન કરી રહયા છીએ.આંધ્રપ્રદેશના શ્રીશૈલ મ મલ્લિકાર્જુન શિવાલય દેશનાં બાર જ્યોતિર્લિંગમાંથી એક છે, આ દેશનું એકમાત્ર મંદિર છે, જ્યાં જ્યોતિર્લિંગ અને શક્તિપીઠ એક સાથે છે.આંધ્રપ્રદેશના શ્રીશૈલમમાં મલ્લિકા ર્જુન મંદિર છે. ભગવાન શિવનું આ મંદિર દેશનાં બાર જ્યોતિર્લિંગમાંથી એક છે.એને દક્ષિણનું કૈલાસ પણ કહેવામાં આવે છે. શ્રીશૈલમ મલ્લિકાર્જુન શિવાલયની અંદર અનેક મંદિર બનેલાં છે, જેમાં મલ્લિકાર્જુન અને ભ્રામરામ્બા સૌથી મુખ્ય મંદિર છે.

મલ્લિકાર્જુનનો અર્થ એવો થાય છે કે મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન એટલે ભગવાન શિવ. પાર્વતી ભગવાન શિવ માટે મલ્લિકાર્જુન ઉપયોગમાં લેવામાં આવે છે.મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ માં ભોળાનાથ અને માતા પાર્વતી બંનેની જ્યોતિ સમાયેલી છે.

શ્રીશૈલમ્ ખાતે મંદિરમાં દર્શન અને આરતીનો સમયઃ-મંદિરના કપાટ સવારે ૪.૩૦ વાગ્યાથી બપોરે ૩.૩૦ વાગ્યા સુધી ખુલ્લા રહે છે. એ પછી સાંજે ૪.૩૦ વાગ્યાથી રાતે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહે છે.આરતી સમયઃ- સવારે ૬ વાગે અને સાંજે ૫.૩૦વાગે. દર્શન સમય સવારે ૬.૩૦ વાગ્યા થી બપોરે ૩. ૩૦ સુધી અને સાંજે ૬ વાગ્યાથી રાતે ૧૦ વાગ્યા સુધી.આંધ્રપ્રદેશના શ્રીસૈલમ મલ્લિકાર્જુન મંદિર દેશનાં બાર જ્યોતિર્લિંગમાંથી એક છે, આ દેશનું એકમાત્ર મંદિર છે,જ્યાં જ્યોતિર્લિંગ અને શક્તિ પીઠ એકસાથે છે.આંધ્રપ્રદેશના શ્રીસૈલમ મલ્લિકાર્જુન મંદિર ભારતનાં બાર જ્યોતિર્લિંગમાંથી એક છે,આ દેશનું એકમાત્ર મંદિર છે,જ્યાં જ્યોતિર્લિંગ અને શક્તિ પીઠ એક સાથે છે.

પૌરાણિક કથા મુજબ પુત્રને મળવા માટે જ્યોતિ સ્વરૂપ ધારણ કર્યું. જ્યારે ગણેશજી અને કાર્તિકેય પહેલાં લગ્ન કોણ કરશે એના માટે ઝઘડો થવા લાગ્યો, ત્યારે ભગવાન શિવજીએ કહ્યું, જે પહેલા પૃથ્વીનું ચક્કર લગાવશે તેના જ લગ્ન પહેલા થશે.ગણેશ જીએ તેમનાં માતા-પિતાના જ ચક્કર લગાવી લીધા,પરંતુ જ્યારે કાર્તિકેય સંપૂર્ણ પૃથ્વીનું ચક્કર લગાવીને પાછા ફર્યા ત્યારે ગણેશ જીને પહેલા લગ્ન કરતા જોઈને તેઓ ભગવાન શિવ અને પાર્વતી થી નિરાશ થઈ ગયા.નિરાશ થયા પછી કાર્તિકેય ક્રૌંચ પર્વત ઉપર આવી ગયા.બધા દેવતાઓએ કાર્તિકેયને પાછા ફરવા માટે આગ્રહ કર્યો,પરંતુ તેઓ માન્યા નહીં. કાર્તિકેય પાછા ફર્યા નહીં, તેથી માતા પાર્વતી અને ભગવાન શિવને પુત્રનો વિયોગ થવા લાગ્યો, તેઓ દુઃખી થઈ ગયાં. એકવાર જ્યારે શિવજી અને માતા પાર્વતી જી કાર્તિકેયને યાદ કરીને ક્રૌંચ પર્વત ઉપર તેમને મળવા આવ્યાં ત્યારે કાર્તિકેય માતા-પિતાને જોઈને દૂર જતા રહ્યા.છેલ્લે, પુત્રનાં દર્શનની લાલચથી ભગવાન શિવ જ્યોતિ સ્વરૂપ ધારણ કરીને તેઓ પર્વત ઉપર વિરાજમાન થઈ ગયા.કહેવાય છેકે એ દિવસથી જ આ શિવલિંગ મલ્લિકાર્જુન જ્યોતિ લિંગના નામથી પ્રખ્યાત થયું. માન્યતા છે કે ભગવાન શિવ અને પાર્વતી દરેક ઉત્સવમાં કાર્તિકે યને જોવા માટે અહીં આવે છે. એવી પણ માન્યતા છે કે અમાસ ના દિવસે સ્વયં શિવજી અને પૂનમ ના દિવસે માતા પાર્વતી આવે છે. મુક્તિદાતા મલ્લિકાર્જુનનો મહિમા અહીં મળશે શિવ-શક્તિના એક સાથે આશીર્વાદ.

દૂરથી પણ જો આપ શ્રીશૈલમ પહાડીના દર્શન કરી લો છો, તો માની લેજો કે જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મેળવી લો છો. શિવપુરાણ અનુસાર જે એકવાર આસ્થા સાથે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શન કરી લે છે, તે સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે. મુક્તિદાતા મલ્લિકાર્જુનનો મહિમા અહીં મળશે શિવ- શક્તિ ના એકસાથે આશીર્વાદ બાર જ્યોતિર્લિંગમાં દ્વિતીય સ્થાને મલ્લિકાર્જુન ધામ ના દર્શનનો દેવાધિદેવમ હાદેવ તો સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. પણ, ધરતી પરનું તેમનું પૂર્ણ અને પ્રગટ રૂપ એટલે તેમનું જ્યોતિર્મય સ્વરૂપ.ભારતની ભૂમિ પર મહેશ્વર ના આવાં જ દિવ્ય બાર જ્યોતિ લિંગ વિદ્યમાન છે. પરંતુ, અમારે આજે વાત કરવી છે એક એવાં જ્યોતિર્લિંગની, કે જેના દર્શનથી ભક્તોને શિવ અને શક્તિ બંન્નેના આશીર્વાદની પ્રાપ્તિ થાય છે. કારણ કે, આ એ જ્યોતિર્લિંગ છે કે જેમાં મહેશ્વર અને માતા પાર્વતી એકસાથે એક જ 'જ્યોતિ' રૂપે વિદ્યમાન થયા છે ! આ સ્થાન એટલે દક્ષિણ ભારતનું કૈલાસ. શ્રીશૈલમનું મલ્લિકાર્જુન ધામ. આંધ્રપ્રદેશ રાજ્યના કુરનૂલ જિલ્લામાં શ્રીશૈલમ પર્વત આવેલો છે.

હૈદરાબાદથી લગભગ ૨૨૦ કિલોમીટરના અંતરે આવેલ આ પર્વત સમુદ્રની સપાટીથી ૫૦૦ મીટરની ઊંચાઈ પર સ્થિત છે. અને નલ્લામલ્લાના જંગલથી ઘેરાયેલો છે. આ જગ્યાનું સૌંદર્ય ખૂબ જ અદભુત છે. તેના વિશે શાસ્ત્રોમાં કહેવાયું છે કે,શ્રીશૈલા શીખરમ્ દ્દષ્ટ્વા,પુનઃજન્મ ન વિદ્યયતે અર્થાત્ દૂરથી પણ જો આપ શ્રીશૈલમ પહાડીના દર્શન કરી લો છો, તો માની લેજો કે જન્મ-મરણ ના ફેરામાંથી મુક્તિ મેળવી લો છો.

વાસ્તવમાં શ્રીશૈલમ્ પર્વત પર આવેલું મલ્લિકાર્જુન ધામ ભક્તોને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ અપાવતું ધામ મનાય છે. આ એ સ્થાન છે કે જે સ્વયં કુમાર કાર્તિકેયની તપોભૂમિ રહ્યું છે. ભારતના બાર જ્યોતિર્લિંગમાં મલ્લિકાર્જુન ધામ દ્વિતીય સ્થાન ધરાવે છે. અને તેની આ જ મહત્તા અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને ખેંચી લાવે છે. ખૂબ જ વિશાળ જગ્યામાં ફેલાયેલાં આ મંદિરમાં પ્રવેશ માટે ચાર દિશામાં ચાર દ્વાર આવેલાં છે. જે ગોપુરમ્ તરીકે ઓળખાય છે.

મંદિર બહાર પગ ધોયા બાદ જ ભક્તો અહીં મંદિરમાં પ્રવેશ કરી શકે છે. માન્યતા અનુસાર અહીં શિવજીના દર્શન પહેલાં નંદીના દર્શન અચૂક કરવા પડે છે. અને નંદીની પરવાનગી લીધાં બાદ જ ભક્તો અહીં મલ્લિકાર્જુન સ્વામી ના દિવ્ય રૂપના દર્શન કરી શકે છે. આ મલ્લિકાર્જુન સ્વામી મુક્તિના દાતા મનાય છે. તેમના દર્શન માત્રથી મહાફળની પ્રાપ્તિની માન્યતા છે. કહે છે કે કાશીમાં લાખો વર્ષ સુધી નિવાસ કરવાથી અને ધર્મ-કર્મ કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય, તે તો મલ્લિકાર્જુન સ્વામીના દર્શન માત્રથી જ પ્રાપ્ત થઈ જાય છે. કે જેમના આ ભૂમિ પર આગમનની કથા કુમાર કાર્તિકે ય સાથે જોડાયેલી છે. શ્રીશૈલમ્ પર ભક્તોને એકસાથે શિવ-શક્તિના આશીર્વાદ

શિવપુરાણની રુદ્રસંહિતાના વીસમા અધ્યાયમાં ઉલ્લેખ છે તેમ એકવાર ગજાનન ગણેશ અને કુમાર કાર્તિકેય વચ્ચે એ મુદ્દે વિખવાદ થઈ ગયો કે બંન્નેમાંથી પ્રથમ વિવાહ કોણ કરે. આખરે ગૌરી શંકરની સહમતિથી એવો નિર્ધાર થયો કે જે સર્વપ્રથમ પૃથ્વી ની પ્રદક્ષિણા કરીને આવશે,તે પ્રથમ વિવાહ કરશે.

## 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમ દરેક વ્યક્તિને મહાન ભારતના નિર્માણ સાથે જોડવાનું મોદીજીનું અભિયાન છે : શાહ



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે શુક્રવારે દેશની રાજધાની દિલ્હીમાં 'મેરી માટી મેરા દેશ' અભિયાન હેઠળ 'અમૃત કળશ યાત્રા'ની શરૂઆત કરી. આ પ્રસંગે તેમના સંબોધનમાં શાહે સ્પષ્ટતા કરી કે, 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમ એ દરેક વ્યક્તિને મહાન ભારતના નિર્માણ સાથે જોડવાનું મોદીજીનું અભિયાન છે.

''મેરી માટી મેરા દેશ' કાર્યક્રમની ટેગલાઈન 'મિટ્ટી કો નમન, વીરો કે વંદન' પોતાનામાં જ ઘણું બધું કહી જાય છે. 'મેરી માટી, મેરા દેશ' કાર્યક્રમ પાછળ એક જ આસ્થા છે - મા ભારતીને આઝાદ કરાવવા માટે પોતાનું સર્વસ્વ આપી દેનાર વીરોનું વંદન અને તેમનું સ્મરણ.'' ચંદ્રયાન-૩ના ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતા પૂર્વક લેન્ડિંગને લઈને પણ શાહે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી અને કહ્યું કે આજે દરેક દેશવાસી ગર્વ અનુભવી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના કુશળ માર્ગદર્શન હેઠળ 'હર ઘર તિરંગા' અભિયાનની સફળતા બાદ દેશ માટે પોતાના જીવનું બલિદાન આપનાર વીરોને સન્માન આપવા માટે 'મેરી માટી મેરા દેશ' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમના માધ્યમથી વિસરાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કરવાની એક નવી દ્રષ્ટિ મળશે.

આ અભિયાન ગામ, પંચાયત, બ્લોક, શહેરી સ્થાનિક સંસ્થા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને 'જનભાગીદારી'ને પ્રોત્સાહન આપવા માટે છે. આ અભિયાન અંતર્ગત દેશભરમાં 'અમૃત કળશ યાત્રા' પણ આયોજિત કરવામાં આવશે. દેશના ખૂણે ખૂણેથી કળશોમાં માટી અને છોડ લઈને 'અમૃત કળશ યાત્રા' દેશની રાજધાની દિલ્હી સુધી જશે. માટી અને છોડને ભેગા કરીને રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પાસે 'અમૃત વાટિકા' બનાવવામાં આવશે, જે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'નું પ્રતીક બનશે. 'મહાન ભારતના નિર્માણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લેવામાં આવેલા પાંચ સંકલ્પો - વિકસિત ભારતનું ધ્યેય, ગુલામીની માનસિકતાથી આઝાદી, પોતાના મૂળ અને પરંપરાઓ પર ગર્વ કરવો, એકતા અને અખંડિતતા માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરવું તથા નાગરિકોમાં કર્તવ્યની ભાવનાને જાગૃત કરવી - ની પ્રતિજ્ઞાને આજે અમૃતકાળમાં સાકાર કરવાના પુરજોર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.'

મહાન ભારતના નિર્માણમાં દરેક પરિવાર, દરેક વ્યક્તિ, દરેક યુવા, દરેક બાળક સમર્પિત ભાવનાથી યોગદાન આપી શકે, એ પ્રકારના 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમની કલ્પના માત્ર મોદીજી જ કરી શકે છે, જેમના મનમાં દેશભક્તિનો અપાર ભંડાર ભર્યો છે.

# અદાણી સ્પોર્ટ્સલાઇનનો સાબરમતી રિવરફ્રન્ટ સ્પોર્ટ્સ પાર્ક ખુલ્લો મૂકાયો

### સ્પોર્ટ્સ પાર્કમાં જોગિંગ ટ્રેક, જિમ્નેશિયમ, બાળકો માટે રમવાનો વિસ્તાર, ક્રિકેટ પિચ, પિકલબોલ, બાસ્કેટબોલ, વોલીબોલ અને ટેનિસ કોર્ટ છે

| અમદાવાદ, તા.૨ |

અમદાવાદના સૌથી પ્રતિષ્ઠિત અને યાદગાર સ્થળોમાંનું એક સાબરમતી રિવરફ્રન્ટ છે - અને હવે તેનાથી આગળ વધીને અદાણી સ્પોર્ટ્સલાઈન સંચાલિત સ્પોર્ટ્સ પાર્ક છે, જે શહેર અને રાજ્યના લોકો માટે શ્રેષ્ઠ રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓફર કરે છે. રમતગમત સંસ્કૃતિને ટેકો આપવા અને તથા તંદુરસ્ત અને ફિટ જીવનશૈલી માટે પ્રોત્સાહિત કરવા માટે સુવિધાઓ સાથે તૈયાર કરાયેલ સ્પોર્ટ્સ પાર્ક ગુજરાતમાંથી શ્રેષ્ઠ પ્રતિભાઓને બહાર લાવવાની આશા રાખે છે.



અદાણી સ્પોર્ટ્સલાઈને સ્પોર્ટ્સ પાર્ક માટે સઘન બિડિંગ દ્વારા રાઈટ્સ જીત્યા હતા અને આજે, ૨જી સપ્ટેમ્બરે, આ પાર્કનું ઉદ્ઘાટન શ્રી કિરીટભાઈ પરમાર, માનનીય મેયર દ્વારા, અદાણી એન્ટરપ્રાઈઝના ડિરેક્ટર શ્રી પ્રણવ અદાણી; શ્રીમતી મિતાલી રાજ, ભૂતપૂર્વ કેપ્ટન, ભારતીય મહિલા ક્રિકેટ; શ્રી અરુણસિંહ રાજપૂત, મ્યુનિસિપલ શાસક પક્ષના અધિકારી ; શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, નેતા મ્યુનિસિપલ શાસક પક્ષ; શ્રી હિતેશ બારોટ, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી; શ્રી કૌશિકભાઈ જૈન, સ્ન્છ; શ્રી અમિતભાઈ પી. શાહ, ધારાસભ્ય; શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, ચેરીમન, SRFDCL પ્રોજેક્ટ; ડૉ. કિરીટભાઈ સોલંકી, M.P.; શ્રી એમ. થેનારસન, મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ; શ્રી કેશવ વર્મા, IAS (Rtd.), ચેરમેન, SRFDCL; શ્રીમતી. ગીતાબેન પટેલ, Dy. મેયર; અને શ્રી રાજેશકુમાર દવે, ચેરમેન, રિક્રિએશન કલ્ચરલ એન્ડ હેરિટેજ કમિટીની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

## બિયોન્ડ ધ બીન્સ : કોસ્ટા કોફી અલગ રીતે બ્રુ કરવાની ૩ રીત

| નવી દિલ્હી, તા.૨ |

તાજી બ્રુ કરેલી કોફી સક્ષમ અને જવાબદાર સ્રોતમાંથી આવે છે તે જાણવા સાથે તેની સમૃદ્ધ સુગંધ માણવાની ખુશી કોસ્ટા કોફી દ્વારા ભારતમાં તેના ગ્રાહકો માટે શક્ય બનાવવામાં આવી છે.

કોફીનો પરફેક્ટ કપ પીરસવાની પાર કોસ્ટા કોફી આ વૈવિધ્યપૂર્ણ અને સાંસ્કૃતિક રીતે સ્વર્ણિમ રાષ્ટ્રમાં તે સેવા આપે એ આપણી પૃથ્વી અને સમુદાયો પર હકારાત્મક પ્રભાવ પાડવાની મજબૂત કટિબદ્ધતા માટે ગૌરવ લે છે. મજબૂત સમજદારી સાથે કોસ્ટા કોફી સક્ષમ કોપીનો વેપાર ઉક્ત ગુણવત્તાયુક્ત બીન્સથી પણ પાર જાય છે એ ઓળખે છે. તે મનઃપૂર્વક પર્યાવરણને પોષવાનું અને કોફીના ઉત્પાદકોને સશક્ત બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. રેઈનફોરેસ્ટ એલાયન્સ સાથે જોડાણથી લઈને નૈતિક સોર્સિંગ અને પર્યાવરણીય હિમાયત સાથે આ કોફી દિગ્ગજ જવાબદાર પહેલોમાં આગેવાની કરી રહી છે, એમ કોસ્ટા કોફીના ભારત અને ઊભરતી બજારોના જનરલ મેનેજર વિનય નાયરે કહે છે. તે આ રીતેઃ

બહેતર દુનિયા બ્રુ કરે છેઃ પ્રામાણિકતા સાથે કોસ્ટા કોફી

ચા પારંપરિક રીતે ફેવરીટ છે તેવા દેશમાં કોફી માટે પ્રેમ ભારતીયોનાં મન સુધી પહોંચીને લગની અને આનંદિત અવસરોના વૈશ્વિક સુમેળમાં ફૂલ્યોફાલ્યો છે. કોસ્ટા કોફી ખુલ્લા હાથે ભારતમાં કોફી માટે પ્રેમ વધારવાનું લક્ષ્ય ધરાવે છે અને પર્યાવરણી હિમાયત પ્રત્યે મજબૂત કટિબદ્ધતા ધરાવે છે.

## ગુજરાત સાયન્સ સિટીમાં ઈન્ટરનેશનલ વલ્ચર અવેરનેસ ડે ની ઉજવણી કરવામાં આવી



ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં આજે ઈન્ટરનેશનલ વલ્ચર અવેરનેસ ડે ની ઉજવણી કરવામાં આવી. આ દિવસની ઉજવણી વર્લ્ડ વાઈડ સપ્ટેમ્બર મહિનાના બીજા શનિવારે કરવામાં આવે છે.

ઈન્ટરનેશનલ વલ્ચર અવેરનેસ દિવસની ઉજવણી અંતર્ગત ગુજરાત સાયન્સ સિટીના ઓડિટોરીયમમાં વલ્ચરના મહત્વ અને તેના સંરક્ષણ અંગે એક ખાસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ જેમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT), ગાંધીનગરના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને વલ્ચર તથા જૈવવિજ્ઞાનમાં તેના મહત્વ અને સંરક્ષણ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ વલ્ચરના સંરક્ષણ પરની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી.

## અહીં બધું જ બ્રહ્મ છે,આશ્રિત પણ બ્રહ્મ છે અને આશ્રયદાતા પણ બ્રહ્મ છે

### સતત ગુરુની ઉપસ્થિતિ અહંકારમાં સાવધાની રખાવે છે

ઓશો તપોવનથી પ્રવાહીત રામકથાના સાતમા દિવસે કથા પ્રારંભે હમણાં જ પૂરી થયેલી માનસ-૯૦૦ દ્વાદશ જ્યોતિર્લિંગ રામકથાનું પુસ્તક સંકલન જે નિયમિત રીતે નીતિન વડગામા અને એની ટીમ દ્વારા થઈ રહ્યું છે તે કથાપુસ્તક વ્યાસપીઠને અર્પણ થયું અને નીતિનભાઈએ પોતાનો ભાવ એમાં વ્યક્ત કર્યો.

ઓશોના સંન્યાસીએ બાપુને કહ્યું કે આપ પણ ઓશો જેટલા જ રોમેન્ટિક લાગો છો! છતાં પણ તમારા બંને વચ્ચે શું ફરક છે? બાપુએ કહ્યું કે એ ગુરુ છે,હું કોઈનો ગુરુ નથી.એ દીક્ષા આપતા હતા.જો કે ઓશોએ સ્પષ્ટ કહેલું કે ગુરુજ ઈશ્વર છે.બે જીગરી મિત્રનું ઉદાહરણ આપીને બાપુએ કહ્યું કે ઓશો કહે છે કે હું ગુરુ નહીં પણ ગવાહ-સાક્ષી છું.સર્વખલુ ઈદં બ્રહ્મઃ વેદનું આ સૂત્ર કહે છે કે અહીં બધું જ બ્રહ્મ છે આશ્રિત પણ બ્રહ્મ છે અને આશ્રયદાતા પણ બ્રહ્મ છે છતાં પણ દ્વૈતભાવ જરૂરી છે. કારણ કે દ્વૈતને કારણે અહંકારથી સાવધાન રહી શકાય છે. સતત ગુરુની ઉપસ્થિતિ અહંકારમાં સાવધાની રખાવે છે. સેવકપણાનો પણ અહંકાર હોય છે.આથી હનુમાનજી કહે છે કે હું સેવક નહીં સૂત બનવા માગું છું.સાધક જ્યારે પુત્ર બની જાય છે ત્યારે ગુરુ રૂપી મા સતત સાવધાની રાખે છે.

રામચરિત માનસમાં હનુમાનજી પહેલી વખત રામને મળે છે ત્યારે પોતાને સેવક બતાવે છે પણ એને થાય છે કે રામ મને ભેટે છે છતાં પણ કંઈક અધૂરપ છે. સેવકને બદલે સૂત એટલે કે પુત્ર બનવાતો માટે ખૂબ જ લાંબી યાત્રા કરે છે, લંકાકાંડ સુધીની યાત્રા પછી હનુમાનજી સેવકમાંથી માં સીતાના પુત્ર બને છે. જગતગુરુ શંકરાચાર્યજીએ



દશનામી સંન્યાસ પરંપરાની વાત કરીઃ ગિરિ, ભારતી, વન, આનંદ, સાગર પર્વત, અરણ્ય જેવા શબ્દો આપ્યા. બાપુએ કહ્યું કે આ સંજ્ઞા નહીં સ્વભાવ બનવો જોઈએ. ગિરિ શબ્દ જોડાય તો અચળતાનો સ્વભાવ આવે અને ગેરુઆ રંગના કપડાં પહેરવાથી અચળતા ન રહે તો સમજવું કે કપડાં જ બદલ્યા છે અંદરથી બદલાયું નથી. ભારતી પણ એક પ્રકાર છે, સંન્યાસીની જીભ ઉપર સરસ્વતી રમતી હોય છે, સરસ્વતી નૃત્ય કરતી હોય છે. એક ગાર્ગી-ઉપનિષદીયધારા અને એક માર્ગી પરંપરા જે મારી સંન્યાસ પરંપરામાં આવે છે. પર્વતનો મતલબ છે જેનામાં પૌરાણિક વૈદિક ઉપનિષદની ઊંચાઈ છે. સંન્યાસી આનંદ સાથે રહેવો જોઈએ જે સંન્યાસી આનંદમાં ન રહી શકે એણે વિચારવું. સરસ્વતી,અરણ્ય આવા અલગ-અલગ દશનામી સંન્યાસ પરંપરા છે. બાપુએ કહ્યું કે વ્યાસપીઠ ચારેય યુગ સાથે જોડાયેલી છે.જ્યારે જ્ઞાન યોગની વાત આવે છે તે ત્રેતાયુગી વ્યાસપીઠ છે. જે વ્યાસપીઠમાં ધ્યાનની વાત આવે છે વક્તા અને શ્રોતા ધ્યાનમગ્ન હોય છે એ સતયુગી વ્યાસપીઠ છે અને વાણીથી પૂજા થાય છે તે દ્વાપરની વ્યાસપીઠ હોય તો ક્યારેક-ક્યારેક કળિયુગમાં પણ સતયુગમાં લઈ જાય એ કળિયુગની વ્યાસપીઠ છે.અમુક વ્યાસપીઠ ચારેય યુગથી પર પણ હોય છે. એ જ રીતે વાનપ્રસ્થીની વ્યાસપીઠ પણ હોય છે.

BOLLYWOOD NEWS FLASH

### શાહરુખની ફિલ્મ ૭ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થશે, પરંતુ આ પહેલાં શાહરુખનની હિરોઇનના નામે એક રેકોર્ડ બની ગયો છે



## કેટરીનાને પાછી પાડીને નયનતારાએ તોડ્યા રેકોર્ડ

| મુંબઈ, તા.૨ |

શાહરુખની સાથે આ એક્ટ્રેસને બેસ્ટ રિલેશન છે. સામાન્ય રીતે શાહરુખના પરિવાર સાથે આ એક્ટ્રેસ જોવા મળતી હોય છે. એક્ટ્રેસ સાઉથનું એક મોટું નામ છે. આ એક્ટ્રેસ અનેક બોલિવૂડ હિરોઈનોને ટક્કર આપે છે. ખાસ વાત તો એ છે કે શાહરુખની સાથે બોલિવૂડમાં પણ હવે પગ મુકવાની તૈયારીમાં છે. આમ, અમે જે એક્ટ્રેસની વાત કરી રહ્યા છે એ નયનતારા છે. આ ફિલ્મ જવાનમાં શાહરુખની સાથે જોવા મળશે. ફિલ્મમાં આ કોપની ભૂમિકામાં જોવા મળશે. જો કે ટ્રેલરમાં આ એક્ટ્રેસનો અંદાજ લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. ફિલ્મનું ટ્રેલર ૩૧ ઓગસ્ટના રોજ મોટી ઈવેન્ટ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યુ હતુ, પરંતુ આ સમયે નયનતારા હાજર હતી નહીં. નયનતારાએ ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં ભાગ લીધો નહીં તેમ છતા સોશિયલ મિડીયામાં ખૂબ ફેમસ થઈ ગઈ. જો કે નયનતારાએ ગયા ગુરુવારે ઈન્સ્ટાગ્રામમાં ડેબ્યુ કર્યુ. ૧૮ નવેમ્બરના રોજ જન્મેલી ૩૮ વર્ષની નયનતારા ઈન્સ્ટાગ્રામમાં ઘણાં સમયથી દૂર હતી. એવામાં ફેન્સ સોશિયલ સાઈટમાં આવવા માટે નયનતારા બહુ રિકવેસ્ટ કરતા હતા. નયનતારા જવાનના ટ્રેલર રિલીઝ ડે પર ઈન્સ્ટાગ્રામ પર ડેબ્યુ કર્યુ અને સોશિયલ મિડીયામાં ફેમસ થઈ ગઈ. નયનતારાએ પહેલી તસવીર બાળકોની સાથે શેર કરી. આ તસવીરમાં Uyir Rudronil N.shivan Ulag Dhaivag N. Shivan જોવા મળી રહ્યા છે. બન્ને બેબી અને નયનતારાએ બ્લેક ગોગલ્સ પહેર્યા છે. નયનતારાની પર્સનાલિટી લોકોને ખૂબ ગમી રહી છે. નયનતારા દેખાવમાં પણ સ્માર્ટ છે. નયનતારાએ ઈન્સ્ટાગ્રામ પર એન્ટ્રી કરી અને ફેન્સ એકદમ ખુશ-ખુશ થઈ ગયા.

### તમન્ના ભાટિયાએ માલદીવથી પોતાનો ફોટો શેર કર્યો છે, આ તસવીરમાં તમન્ના ભાટિયા સિમ્પલ લુકમાં જોવા મળી રહી છે

## તમન્ના ભાટિયા માલદિવમાં વેકેશન મનાવી રહી છે

| મુંબઈ, તા.૨ |

વેબ સીરિઝ 'આખરી સચ' ફેમ તમન્ના ભાટિયાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી માલદીવમાં વેકેશન માણતી વખતે કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તમન્ના ભાટિયા બીચ પર મસ્તી કરતી જોવા મળી રહી છે. તમન્ના ભાટિયા આ દિવસોમાં પોતાની પર્સનલ લાઈફ તેમજ વેબ સીરિઝ 'આખરી સચ'ને લઈને ઘણી ચર્ચામાં છે. તમન્ના ભાટિયાની આ વેબ સિરીઝ OTT પર ધમાલ મચાવી રહી છે. આ દરમિયાન તમન્ના ભાટિયાએ માલદીવની પોતાની કેટલીક તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. તમન્ના ભાટિયાના માલદીવ વેકેશનની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. પરંતુ તેમના બોયફ્રેન્ડ વિજયને સાથે ન જોઈને ચાહકો સવાલ કરી રહ્યા છે. તમન્ના ભાટિયાએ માલદીવથી પોતાનો ફોટો શેર કર્યો છે, આ તસવીરમાં તમન્ના ભાટિયા સિમ્પલ લુકમાં જોવા મળી રહી છે. તમન્ના ભાટિયાનો આ લૂક આવતાની સાથે જ લોકપ્રિય થઈ ગયો હતો. આ પહેલા તમન્નાએ સ્વિત્ઝરલેન્ડ વેકેશનની તસવીરો શેર કરી હતી.



## રાજ કુમાર મીના કુમારીને ન કહી શક્યા દિલની વાત

| મુંબઈ, તા.૨ |

રાજ કુમારે ૧૯૫૨માં આવેલી ફિલ્મ રંગીલીથી ડેબ્યૂ કર્યું હતું, ત્યારબાદ તે મધર ઈન્ડિયા અને 'લાલ પથ્થર' જેવી સુપરહિટ ફિલ્મોમાં જોવા મળ્યા હતા. તેઓ તેમના સ્પષ્ટવક્તા સ્વભાવ માટે પણ પ્રખ્યાત હતા, પરંતુ તેમના અંગત જીવનને લાઈમલાઈટથી દૂર રાખતા હતા. તેમના અફેર અને રિલેશનશિપના ઓછા સમાચાર સાંભળવા મળે છે, જો કે માત્ર થોડા જ લોકો જાણે છે કે તે ડ્રીમ ગર્લ હેમા માલિની સાથે ખૂબ જ પ્રેમમાં હતા. રાજ કુમાર હેમા માલિનીથી એટલા પ્રેરિત હતા કે તેમણે 'લાલ પથ્થર'ના દિગ્દર્શક એફસી મેહરાને વૈજયંતિમાલાને બદલે નવી અભિનેત્રી હેમા માલિનીને કાસ્ટ કરવા કહ્યું. પરંતુ જ્યારે હેમા માલિનીને 'લાલ પથ્થર'ની ઓફર મળી ત્યારે તેણે ના પાડી દીધી, જોકે રાજ કુમારની ઘણી સમજાવટ બાદ હેમા માલિનીએ આ ફિલ્મ કરવા માટે સંમતિ આપી. લાલ પથ્થરના શૂટિંગ દરમિયાન રાજ કુમાર સંપૂર્ણપણે હેમા માલિનીના પ્રેમમાં પડી ગયા હતા. હેમા પણ તેમની ખાસ સ્ટાઈલથી પ્રભાવિત થઈ હતી. અહેવાલો અનુસાર, રાજ કુમારે ફિલ્મ રિલીઝ થયા પછી હેમા માલિની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ ડ્રીમ ગર્લ તેમની ફેન હોવા છતાં તેને નકારી કાઢ્યો હતો. રાજ કુમારનું દિલ તૂટી ગયું હતું, પરંતુ હેમા માલિની હજી પણ તેમને પોતાનો પ્રિય અભિનેતા કહે છે. રાજ કુમાર પણ મીના કુમારીના પ્રેમમાં પડ્યા હતા.

### દેવરાકોંડા અને સામંથા રૂથ પ્રભુની આ ફિલ્મ કુશી પેન ઇન્ડિયા ફિલ્મ છે જે ૫ ભાષાઓમાં રિલીઝ થઇ ગઇ છે

## ફિલ્મ કુશીને દર્શકોનો મળી રહ્યો છે જોરદાર પ્રેમ

| મુંબઈ, તા.૨ |

કુશી ફિલ્મ શુક્રવારના રોજ રિલીઝ થઈ છે. વિજય દેવરાકોંડા અને સામંથા રૂથ પ્રભુની આ દિવસોમાં તેમની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'કુશી' માટે ખૂબ જ ચર્ચામાં છે. આ જોડી પહેલાં પણ એક સાથે પડદા પર કામ કરી ચુકી છે. જો કે બે વાર આ જોડીએ એક સાથે કામ કર્યુ છે પરંતુ બહુ સફળતા મળી નથી. અગાઉની ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ ધમાલ મચાવી શકી નથી. જો કે આ બન્નેની કુશી ફિલ્મ આજે રોજ રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મ હવે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે કે નહીં એ હવે જોવાનું રહ્યું, પરંતુ વાત જાણ એમ છે કે ફિલ્મનું ઓપનિંગ ખૂબ સારું રહ્યુ છે. આ ફિલ્મને લઈને દર્શકોમાં પણ હાલમાં ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યુ છે. કુશી ફિલ્મને લઈને હાલમાં અનેક પ્રકારના રિએક્શન લોકો આપી રહ્યા છે. દેવરાકોંડા અને સામંથા રૂથ પ્રભુની આ ફિલ્મ કુશી પેન ઈન્ડિયા ફિલ્મ છે જે ૫ ભાષાઓમાં રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મ તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ અને હિન્દીમાં રિલીઝ થઈ છે.



## હોલીવુડ સુપરસ્ટાર જિમ કેરી વિશ્વના સૌથી વધુ કમાણી કરનાર કોમેડિયન

### અહેવાલ અનુસાર, જિમ કેરીએ બ્રુસ ઓલમાઈટી ૨૦૦૩ અને યસ મેન ૨૦૦૮ જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું

| મુંબઈ, તા.૨ |

જો તમે હોલીવુડની ફિલ્મો જોવાના શોખીન છો, તો તમે ચોક્કસપણે જીમ કેરીને ઓળખતા હશો. સિલ્વર સ્ક્રીન પર કોમેડીના મામલે જીમનો કોઈ મુકાબલો નથી. તેણે તેની કારકિર્દીમાં એકથી એક સુપરહિટ ફિલ્મો આપી છે, જે કલ્ટ ક્લાસિક પણ સાબિત થઈ છે. કોમેડિયન અને એક્ટર જિમ કેરીની ગણતરી મોંઘા સ્ટાર્સમાં થાય છે. ૧૫ વર્ષ પહેલા તે એક ફિલ્મ માટે એટલો ચાર્જ લેતો હતો કે મેકર્સ તેને કાસ્ટ કરતી વખતે પરસેવો પાડી દેતા હતા. આજે ભલે બોલિવૂડ સ્ટાર્સ ૧૦૦ કરોડ અથવા



૧૦૦ કરોડથી વધુની ફી લે છે, પરંતુ જિમ કેરીએ આ કામ ઘણા સમય પહેલા કરી દીધું છે. હોલીવુડ સુપરસ્ટાર જિમ કેરી વિશ્વના સૌથી વધુ કમાણી કરનાર કોમેડિયન તરીકે ઓળખાય છે. ૯૦ના દશકમાં તેની ફિલ્મો 'ધ માસ્ક' અને 'લાયર લાયર'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. જે બાદ તેણે મેકર્સ પાસેથી મોટી ફી લેવાનું શરૂ કર્યું. અહેવાલ અનુસાર, જિમ કેરીએ 'બ્રુસ ઓલમાઈટી' (૨૦૦૩) અને 'યસ મેન' (૨૦૦૮) જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. આ ફિલ્મો માટે, અભિનેતાને ૩૫ મિલિયન ડોલર એટલે કે ૧૫૦ કરોડ રૂપિયાની ફી મળી, જે આજની તારીખમાં લગભગ ૨૯૦ કરોડ રૂપિયા છે. આજે પણ જીમ કેરી એક ફિલ્મ માટે ૧૩૦ કરોડથી ૧૬૦ કરોડ રૂપિયા લે છે. આ રકમ બોલિવૂડના ઘણા સ્ટાર્સની ફી કરતા ઘણી વધારે છે. વર્ષ ૨૦૦૮માં, અભિનેતાની $૩૫ મિલિયનની ફી તે સમયે બ્રાડ પિટ, વિલ સ્મિથ જેવા પ્રખ્યાત હોલીવુડ સ્ટાર્સ કરતા વધુ હતી. વિલ સ્મિથે વર્ષ ૨૦૨૧માં Emancipation માટે સૌથી વધુ $૩૦ મિલિયન વસૂલ્યા હતા. તે જ સમયે, બ્રાડ પિટની ફી પણ તે સમયે લગભગ સમાન હતી. સાઉથના સુપરસ્ટાર થલાપથી વિજય સૌથી વધુ કમાણી કરનારા ભારતીય કલાકારોની યાદીમાં ટોચ પર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, થલપતિ વિજયે ફિલ્મ 'લિયો' માટે ૨૦૦ કરોડ રૂપિયાની ફી લીધી છે.

# સારંગપુર ખાતે હનુમાનજીની છબીને વિવાદિત રીતે દર્શાવાતા ઝાલોદ નગરના સનાતન હિન્દુ પ્રેમીયોની લાગણી દુભાઈ

## સ્વામિનારાયણ સંસ્થા એ હિન્દુ સંપ્રદાયને જોડતો જ ભાગ હોવાથી વિવાદિત ચિત્ર હટાવાય તેવો સનાતની હિન્દુ સમાજનો મત

| પંકજ પંડિત ઝાલોદ, તા.૨ |

સારંગપુર ધામ એ આખાં વિશ્વભરમાં પ્રસિદ્ધ ધામ છે. સારંગપુર ધામ સ્વામિનારાયણ સંપ્રદાયના અથાગ મહેનત થકી વિશ્વ ફલક પર ચમકી રહ્યું છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આખા ભારત તેમજ સમસ્ત વિશ્વમાં વસતા હિન્દુ સમાજના લોકોના હૃદયમાં સારંગપુર ધામના હનુમાનજી સાક્ષાત વિરાજે છે. સારંગપુર ધામે દેશ વિદેશમાં રહેતા લોકો પ્રતિવર્ષ કરોડોની સંખ્યામાં દર્શન કરવા આવતા હોય છે અને સારંગપુર ધામની અતૂટ આસ્થા અને વિશ્વાસ સાથે લઈને ભક્તો જતાં હોય છે.

સારંગપુર ધામ ખાતે ખુલ્લાં પ્રાંગણમાં વિશાળ હનુમાનજી ની પ્રતિમા મુકવામાં આવેલ છે તેને જોવા લાખો સહેલાણીઓ સારંગપુર ખાતે આવતા હોય છે. આ ખુલા પ્રાંગણમાં મુકેલ પ્રતિમાને નીચે હનુમાનજી ભગવાનના ચિત્રોમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સહજાનંદ સ્વામીના દાસ દર્શાવેલ ચિત્રોને લઈ સનાતની હિન્દુ સાંપ્રદાયિક ભક્તોનો વિરોધ ઉભો થયો. આ ચિત્રોના વિરોધ કરવાં કેટલાંય હિન્દુ સંગઠનો અને સંતો એ વિરોધ નોંધાવેલ છે અને તાત્કાલિક આવા વિવાદાસ્પદ



ચિત્રો દૂર કરવા હિન્દુ સંગઠનો દ્વારા માંગ ઉભી થયેલ છે.

ઝાલોદ નગરના સનાતન હિન્દુ ધર્મને માનનારા કોઈ પણ હિન્દુ સંપ્રદાયનો વિરોધ નથી કરી રહ્યાં પરંતુ જે ચિત્રોને લઈ વિવાદ ઉભો થયેલ છે તે ચિત્રો તાત્કાલિક દૂર કરવામાં આવે તેવો સૂર સનાતન હિન્દુ પ્રેમીયોમાં જોવા મળી રહેલ છે. અને આ વિવાદ તાત્કાલિક દૂર થાય તેવું નગરના હિન્દુ સમાજના લોકો ઈચ્છી રહ્યાં છે. હિન્દુ સમાજની લાગણીને માન સન્માન આપી આ વિવાદિત ચિત્ર હટાવવા માટે નગરના સનાતન હિન્દુ પ્રેમીયો એક મત સાથે સાથે હટાવી લેવાય તેમ ઈચ્છી રહ્યાં છે. જેથી ભાવિક ભક્તોની સારંગપુર ધામ માટેની આસ્થા બની રહે તેમ ધર્મ પ્રેમી લોકોનું માનવું છે.

# દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુ ડો. સૈયદના સાહેબ રવિવારે ગોધરા શહેરમાં : ગુજરાતભરના બિરાદરોમાં ખુશાલી

| હુસામુદીન કપાસી જસદણ, તા.૨ |

વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના ત્રેપનમાં દાઈ (સર્વોચ્ચ ધર્મગુરુ) નામદાર ડો. સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદીન સાહેબ સળંગ ત્રણ માસના વિદેશ પ્રવાસ પછી રવિવારે ગોધરા શહેરમાં પધારતા હોવાથી ગુજરાતભરનાં વ્હોરા બિરાદરોમાં ખુશાલીના ઘોડાપુર ફરી વળ્યાં છે સમાજમાં જેનો પડ્યો બોલ ઝીલાય છે એવા માનવતાવાદી તાજદાર ડો. સૈયદના સાહેબ લાંબા સમય બાદ ગોધરા શહેરમાં પધારતા હોવાથી તેમનાં દિદાર અને વાએઝ સાંભળવા દેશ વિદેશથી હજજારો બિરાદરો ઊમટી પડે એવી ધારણાં આયોજકોને છે આ ઉપરાંત તેઓ પોતાનાં અનુયાયીઓને મળવા માટે દાહોદ જિલ્લામાં કેટલાંક ગામોની મુલાકાત લે એવી સંભાવના પણ આયોજકોએ વ્યકત કરી છે. અત્રે નોંધનીય



છે કે વિશ્વલોકકલ્યાણકારી ડો. સૈયદના સાહેબને તાજેતરના વિદેશ પ્રવાસમાં અનેક માન ઈકરામો તેમને મળ્યાં ઉલ્લેખનીય છે કે ડો. સૈયદના સાહેબ રાજકોટ પધરામણી કરે તેથી રાજકોટ દાઉદી વ્હોરા મહિલા ગ્રુપના અગ્રણી શ્રીમતિ દુરૈયાબેન શિરાજભાઈ મુસાણી અને મહિલાઓ ખુલ્લા પગે જામનગર દરમાસે જાય છે.

# મસુરીના આઈ.એ.એસ. તાલીમાર્થીઓનો નર્મદા જિલ્લામાં આદિજાતિ જીવનશૈલી સંદર્ભે શૈક્ષણિક પ્રવાસ સંપન્ન

| રાજપીપળા, તા.૨ |

દેશના વડાપ્રધાને હરહંમેશ આદિવાસી સમાજને વિકાસની મુખ્યધારા સાથે જોડી અગ્રહરોળમાં લાવવાના અવિરત પ્રયાસો કર્યો છે. મુખ્યમંત્ર ભુપેન્દ્રભાઈ પટેલના કુશળ નેતૃત્વવાળી રાજ્ય સરકાર પણ આદિજાતિના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ઉત્કર્ષની દિશામાં આગેકૂચ કરી છે. ગિરિમાળાઓની ગોદમાં આવેલા વન સમૃધ્ધિ તથા પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર નર્મદા જિલ્લાનાં આદિજાતિ સમુદાયને વિકાસની મુખ્ય હરોળમાં લાવવા માટે ગુણવત્તા યુક્ત શિક્ષણ, નિઃશુલ્ક સારવાર માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને પાકા મકાનના સ્વપ્નને સાચા અર્થમાં સાકાર કરવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની અનેકવિધ યોજનાઓને છેવાડે સુધી પહોંચાડી છે. આદિવાસીઓ અનોખા છે, તેમના ખાન-પાન, જીવનશૈલી અને સંસ્કૃતિ પણ અનોખી અને સમૃધ્ધ છે. ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા આદિજાતિ સમાજના દીકરા-દીકરીઓ હવે ઉચ્ચ અભ્યાસ કરીને ઉજ્જવળ



ભવિષ્યની રાહ કંડારી રહ્યાં છે. નર્મદા જિલ્લાના આદિજાતિ સમુદાયની જીવનશૈલી અને આજીવિકા અંગે શૈક્ષણિક પ્રવાસે આવેલા લબાસના, મસુરીના ભારતીય સિવિલ સર્વિસના ટ્રેઈની અધિકારીઓએ દેડિયાપાડાના સામોટ અને ડુમખલ ગામમાં વસવાટ કરતા આદિજાતિ સમાજની જીવન જીવવાની ઉત્તમ શૈલીથી પ્રભાવિત થયા હતા.

આ પ્રસંગે ટ્રેઈની આઈ.એ.એસ. અમીત ઉદિંરવાડે એ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, આદિજાતી સમાજની જીવનશૈલી અનોખી અને સાંસ્કૃતિક વારસો અતિ સમૃધ્ધ છે, અમે ગ્રામજનો સાથે સંવાદ કર્યો ત્યારે તેમના પ્રેમાળ સ્વભાવ અને સ્વભાવમાં સાદગીથી અમે ખુબ પ્રભાવિત થયા છીએ. અહીંના ગ્રામજનોના પાકા મકાનના સ્વપ્ર સાકાર થયા છે.

# ''૫ સપ્ટેમ્બર રાષ્ટ્રિય શિક્ષક દિન'' નિમિત્તે અસાધારણ કાર્ય કરનાર શિક્ષકોની સાફલ્યગાથાની શૃંખલા



| રાજકોટ, તા.૨ |

વર્ષ ૨૦૨૨નાં શિક્ષકો માટેના રાષ્ટ્રીય પુરસ્કાર માટે દેશભરમાંથી ૪૫ શ્રેષ્ઠ શિક્ષકોને રાષ્ટ્રપતિશ્રી દ્વારા વિજ્ઞાન ભવન, દિલ્હી ખાતે યોજાયેલા સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેમાંથી ગુજરાતના એક માત્ર શિક્ષકશ્રી ઉમેશભાઇ ભરતભાઈ વાળાને રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુ દ્વારા શિક્ષકો માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઉમેશભાઇ વાળા રાજકોટના કાલાવડ રોડ ખાતે આવેલ સે. મેરી (ગ્રાન્ટેડ) સ્કુલમાં શિક્ષક તરીકે ફરજો બજાવે છે. અને ગુજરાત બોર્ડ તેમજ દ્વઝઈઈ્માં સમાજવિજ્ઞાન અને ગુજરાતી વિષયમાં પેનલિસ્ટ તરિકે પણ સેવા આપી રહ્યાં છે. તેમના વિષયમાં તેમની શાળાનું છેલ્લા ત્રણ વર્ષોથી સો ટકા પરિણામ આવ્યું છે. આ કર્મઠ શિક્ષકે છેલ્લા આઠ વર્ષોથી એક પણ રજા લીધા વગર સતત શિક્ષણ અને સામજિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી છે. આ તેમની એક અનેરી વિશિષ્ટતા છે. શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને તો ક્યારેક પ્રકૃતિમાં લઇ જઈને તેઓ વિદ્યાર્થિઓને વધુ અસરકારક રીતે ભણાવે છે.

શાળામાં તેમના શિક્ષણકાર્ય ઉપરાંત દરેકને શિક્ષણ મળે તેવા શુભ હેતુ સાથે તેઓ શિક્ષણવ્યવસ્થાથી વંચિત બાળકોને ભણાવીને સામાજિક કાર્ય કરી રહ્યા છે. સ્કુલમાં બાંધકામ વખતે મજુરોના બાળકોને એક્ટીવીટી દ્વારા ભણાવવાથી શરૂ થયેલ આ પ્રવૃત્તિ તેમણે સતત ચાલુ રાખી અને આગળ વધારી છે.

આ બાળકોને શિક્ષણ મળે તે ઉદ્દેશ્ય માટે તેમનું સમર્પણ અસાધારણ છે. તેઓ બાળકોને તેમની વસ્તીમાં જઈને ભણાવે છે. શહેરની ઝુંપડપટ્ટી, ફુટપાથ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં પણ નિયમિતપણે કેમ્પ યોજે છે. તેઓ જણાવે છે કે " હું પણ ઝુંપડપટ્ટીમાં રહી ચુક્યો છું, આથી મને ખબર છે કે ઝુંપડ પટ્ટી, ફુટપાથ પર રહેનારા બાળકોને પણ શિક્ષણ મેળવવું કેટલું જરૂરી છે. આથી, હું મારો સમય આ બાળકો સાથે વિતાવું છું." ટાઈમ મેનેજમેન્ટ, કઠિન પુરુષાર્થ, વિદ્યાર્થીઓની સંભાળ, અને સામાજિક કાર્ય માટે તેમની પ્રતિબદ્ધતા દ્વારા તેમણે શ્રેષ્ઠ શિક્ષકનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

# સાંસદ પૂનમબેન માડમના હસ્તે સરકારી ડેન્ટલ કોલેજની હોસ્ટેલનો શિલાન્યાસ વિધિ કાર્યક્રમ યોજાયો

| જામનગર, તા.૨ |

જામનગરમાં આવેલી સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ વર્ષ ૧૯૯૧થી કાર્યરત છે. વર્ષોવર્ષ સંસ્થામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતા હોસ્ટેલની ક્ષમતા વધારવાની જરૂરિયાત ઊભી થવાથી ડીનશ્રી ડૉ. નયના પટેલની રજૂઆતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૯ કરોડના ખર્ચે નવી ડેન્ટલ હોસ્ટેલ બનાવવાની પરવાનગી અપાઈ હતી. જેના અનુસંધાને, ગત તા.૨૪ ઓગસ્ટના રોજ સાંસદ શ્રી પૂનમબેન માડમના હસ્તે નવી ડેન્ટલ હોસ્ટેલની બિલ્ડીંગના શિલાન્યાસ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, સંસ્થામાં હાલમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી



રહયા છે. આ ઉપરાંત, દર વર્ષે અલગ- અલગ ૬ વિભાગમાં નવા અનુસ્નાતક અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૧૯ જેટલા નવા અનુસ્નાતક વિદ્યાર્થીઓ સંસ્થામાં અભ્યાસ કરશે. જેથી, અનુસ્નાતક વિદ્યાર્થીઓના અભ્યાસ તેમજ તેમના જ્ઞાનનો લાભ સૌરાષ્ટ્રના દૂરના વિસ્તારોમાંથી આવતા દર્દીઓને મળશે. આ નવી ડેન્ટલ હોસ્ટેલની બિલ્ડીંગમાં કુલ ૮ માળ બનશે. જેમાં કુલ ૧૬૫ રૂમોની ક્ષમતા સાથે ૩૩૦ જેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકશે.



સંતોષ ભાઈ જોષી, સંતરામપુર

આજરોજ સંતરામપુરની અલ્મા ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ISRO (ઈસરો) દ્વારા ચંદ્રયાન-૩ બાદ આદિત્ય L-1 જે સૂર્ય થી સંબંધિત છે, જેનું ઇસરો ના સતિષ ધવન હરિકોટા થી સફળ લોન્ચિંગ કરવામાં આવ્યુ તેનું લાઈવ પ્રસારણ શાળા ના બાળકો, શિક્ષકગણ તથા તમામ સ્ટફ દ્વારા નિહાળવામા આવ્યુ. આદિત્ય- L1 મશીન ના કાર્યો સંબંધિત વિદ્યાર્થીઓને માહિતી પુરી પાડવામા આવી અને આવનારાં સમયમા ભારત અંતરિક્ષ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપે તેવી કામના કરવામા આવી.

### ભરૂચ જિલ્લાના મુખ્ય જિલ્લા

# ન્યાયાધીશશ્રીના વરદ્ હસ્તે વાલીયા ખાતે નવીન ન્યાયસંકુલ ખુલ્લુ મુકવામાં આવ્યુ

| મલેક યસદાની ભરૂચ, તા.૨ |

પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, વાલીયાનાં નવીન કોર્ટ બિલ્ડીંગનું ઉદઘાટન ભરૂચ જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી વી. કે. પાઠકના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ વેળાએ વાલીયાના મુખ્ય સીવીલ જજ શ્રી એચ.આર. ઠકકર સહિત જિલ્લાના અન્ય ન્યાયાધીશશ્રી ઓ તેમજ વાલીયા વકીલ બારના પ્રમુખ આર. કે. વસાવા સાથે વકીલ બારના હોદદારો,સભ્યો તેમજ સરકારી અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. આ પ્રસંગે પ્રાથમિક શાળા વાઘલખોડની બાલીકાઓ ધ્વારા સ્વાગત નૃત્ય રજુ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીએ ભરૂચ ન્યાયીક જિલ્લાના યુનિટ જજ આદરણીય જસ્ટીસ નાણાવટી સાહેબશ્રી તેમજ નવીન કોર્ટ બિલ્ડીંગના નિમાર્ણ અને પ્રવેશ માટે સહાયક થનાર તમામ વ્યકિત અને એજન્સીનો આભાર વ્યક્ત કર્યો



હતો. આ શુભ પ્રસંગને યાદગાર બનાવવા ન્યાય સંકુલના પટાંગણમાં વૃક્ષારોપણનું સુંદર આયોજન પણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી એ વાલીયાના મુખ્ય ન્યાયાધીશશ્રી, વકીલો અને કર્મચારીઓને નવીન કોર્ટ બિલ્ડીંગમાં મંગળ પ્રવેશ શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે વાલીયાના મુખ્ય સીવીલ જજ શ્રી એચ.આર.ઠકકર સાહેબશ્રીએ પણ નિમાર્ણ અને પ્રવેશ માટે સહાયક થનાર તમામ વ્યક્તિ અને એજન્સીનો આભાર વ્યકત કર્યો હતો.

### લોકવિજ્ઞાન મંથન દ્વારા પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા લાઈવ નિદર્શન કાર્યક્રમ યોજાયો

# વિજ્ઞાન લેખક દીપક જગતાપનું સૂર્યયાન આદિત્ય : એલ ૧ ઉપર વ્યાખ્યાન યોજાયું

### મંથન લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલમાં આદિત્ય : એલ વિશે માર્ગદર્શન આપ્યું

| દીપક જગતાપ રાજપીપળા, તા.૨ |

૨જી સપ્ટેમ્બરે ઈસરો દ્વારા સૂર્યની નજીક જનાર સૂર્યયાન આદિત્યઃએલ ૧નુ લોન્ચિંગ ટાણેઆદિત્યઃએલ ૧ની કામગીરી વિશેવિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક માહિતીથી પરિચિત થાય એ માટે જાણીતા વિજ્ઞાન લેખક અને મોટીવેશનલ સ્પીકર દીપક જગતાપ દ્વારા અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ ખાતે સવારે ૯.૩૦ કલાકે વિજ્ઞાન સેમિનાર યોજાયો હતો. શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલમાં ગુજરાત સરકારના ગુજકોસ્ટ સંચાલિત લોકવિજ્ઞાન મંથન નર્મદા દ્વારા આ સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મંથન લોક વિજ્ઞાનના ભરતભાઈ ડોડીયા, કલ્પનાબેનરજવાડી તથા શાળાના પ્રિન્સિપાલ જીગેશ પટેલ તથા વિજ્ઞાન શિક્ષકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિજ્ઞાન લેખક દીપક જગતાપનુ સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે દીપક જગતાપે ઈસરો દ્વારા આદિત્યઃએલ ૧નુ લોન્ચિંગ અને સૂર્યના અભ્યાસ અને સંશોધન વિશેની જાણકારી આપતાં જણાવ્યું હતુ કે ચન્દ્રયાન -૩ની સફળતા પછી ભારતની નજર સૂર્ય તરફ ખોડાઈ છે. ઈસરો દ્વારા બનાવવામાં આવેલ સ્વદેશી રોકેટ PSLV XL C-57 આદિત્ય એલ-૧ને અવકાશમાં લઈ જશે. આ રોકેટ આદિત્ય એલ-૧ને પૃથ્વીની નીચેની કક્ષામાં પહોંચાડશે. ત્યાર પછી આદિત્ય



એલ-૧ સૂર્ય અને પૃથ્વીની વચ્ચે સ્થિત એલ-૧ પોઈન્ટ સુધી પહોંચશે. આદિત્ય એલ-૧ને તેના ડેસ્ટિનેશન સુધી પહોંચવામાં લગભગ ચાર મહિનાનો સમય લાગશે તેમ જણાવ્યું હતું. એ ઉપરાંત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આદિત્ય એલ-૧ની સૂર્ય તરફ જઈને કરવાનીકામગીરી ના વિડિઓ દ્વારા પ્રત્યક્ષ માર્ગદર્શન આપ્યું હતુ

આદિત્ય L1 મિશનના હેતુ અંગેની જાણકારી આપતાં દીપક જગતાપે જણાવ્યું હતું કે આ મિશન હવામાનની ગતિશીલતા, સૂર્યનું તાપમાન, પૃથ્વી પર અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર અને ઓઝોન સ્તરનો અભ્યાસ કરવાનો છે.વૈજ્ઞાનિકોનું માનવું છે કે, સૂર્યનો અભ્યાસ કરીને હવામાનની આગાહીની સચોટતામાં પણ વધારો થશે. આનાથી એવી સિસ્ટમ બનાવવામાં મદદ મળશે, જેના દ્વારા વાવાઝોડાની જાણકારી તરત જ મળી જશે અને એલર્ટ જારી કરી શકાશે.આ માહિતીથી વિદ્યાર્થીઓ પ્રભાવીત થયાં હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. દિવસ નો પહેલો ભાગ તમને થોડી આળસ નો અનુભવ કરી શકે છે, પરંતુ જો તમે ઘર ની બહાર નીકળવા ની હિંમત કરો છો, તો ઘણું કામ થઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપ ત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. શક્ય છે કે તમે પોતાને નારાજ અથવા ફસાઈ ગયા ની અનુભૂતિ કરશો, કારણ કે અન્ય લોકો ખરીદીમાં સંપૂર્ણપણે વ્યસ્ત થયી જાય છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે પિતા અથવા મોટા ભાઈ તમને કોઈ ભૂલ માટે ઠપકો આપી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. સપ્તાહ ના દિવસે સ્માર્ટફોન સ્ક્રીન પર બોસ નું નામ કોને જોવા નું પસંદ છે?

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારા માતા આજના દિવસે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દૃઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. રોમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. આજે તમારું મન ધાર્મિક કાર્યો માં લીન થઈ જશે જે તમને માનસિક શાંતિ ની ભાવના આપશે. ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. સપ્તાહ ના દિવસે સ્માર્ટફોન સ્ક્રીન પર બોસ નું નામ કોને જોવા નું પસંદ છે? પરંતુ આ સમયે તે તમારી સાથે થઈ શકે છે.

### ન્યૂઝ બ્રિફ

## જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલની ધરપકડ કરાઇ

। નવી દિલ્હી, તા.૨ ।

જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલની ઈડી દ્વારા એક બેંક ફ્રોડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ ક રવામાં આવી છે. ઈડીના અધિકારીએ આ અંગે માહિતી આપી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આવતીકાલે તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ઈડીએ એક નિવેદનમાં કહ્યું હતું કે તેણે એક કરોડ રૂપિયાથી વધુની બેંક ડિપોઝીટ પણ જપ્ત કરવામાં આવી છે. ઈડી અનુસાર, આ કેસમાં જેટ એરવેઝે ભારતીય સ્ટેટ બેંક સાથે છેતરપિંડી કરી, જેના કારણે બેંકને ૨૪૦.૩૫ કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાનું બહાર આવ્યું હતું. આ સમગ્ર કેસમાં અગાઉ દરોડા પાડવામાં આવ્યા હતા અને આગળ તપાસ હાથ ધરવામાં આવશે. નરેશ ગોયલના સહયોગીઓના ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં કથિત બેંક છેતરપિંડી સાથે જોડાયેલ મની લોન્ડરિંગ તપાસના સંદર્ભમાં ઈડીએ હૈદરાબાદમાં પણ દરોડા પાડ્યા હતા.

## આ વખતે સાવન મહિનામાં રામલલાના દર્શનનો રેકોર્ડ બન્યો

। અયોધ્યા, તા.૨ ।

આ વખતે સાવન મહિનામાં રામલલાના દર્શનનો રેકોર્ડ બન્યો છે. આ શવનમાં મલમાસના દુર્લભ સંયોગને કારણે સાવન મહિનો ૫૮ દિવસનો રહ્યો, જ્યારે ભક્તોને આઠ સોમવાર મળ્યા. સાવન મહિનાના ૫૮ દિવસમાં લગભગ ૧૦ લાખ ભક્તો રામલલાના દરબારમાં પહોંચ્યા હતા. મુલાકાતીઓની સંખ્યામાં નવો રેકોર્ડ સર્જાયો હતો. સાવન મહિનો ૪ જુલાઈએ શરૂ થયો હતો જ્યારે તે ૩૧ ઓગસ્ટે પૂરો થયો હતો. આ મુજબ, ૫૮ દિવસ દરમિયાન, સરેરાશ ૨૦ હજાર ભક્તો રામલલાના દરબારમાં હાજરી આપે છે. અન્ય દિવસો કરતાં સાવન મહિનાની મુખ્ય તિથિઓમાં વધુ ભીડ જોવા મળી હતી. સોમવાર, તૃતીયા, એકાદશી અને સાવનની પૂર્ણિમા તિથિએ રામલલાના દરબારમાં મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. રામજન્મભૂમિના મુખ્ય આર્ચક સત્યેન્દ્ર દાસે જણાવ્યું હતું કે રામલલાના દરબારમાં દરરોજ મોટી સંખ્યામાં ભક્તો પહોંચી રહ્યા છે, પરંતુ સાવન મહિનામાં ભક્તોમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો. રોજના સરેરાશ ૨૦ હજાર ભક્તો મુલાકાત લેતા હતા.

### જાલના જિલ્લામાં મરાઠા અનામત આંદોલન હિંસક બન્યું

# અનામત આંદોલન હિંસક બનતાં ૪૨ પોલીસ સહિત અનેક ઘાયલ

। જાલના, તા.૨ ।

મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં મરાઠા અનામત માટે ગઈકાલે આંદોલન હિંસક બન્યું હતું, જેમાં ૪૨ પોલીસકર્મીઓ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા. આ દરમિયાન પ્રદર્શનકારીઓએ બે બસોને આગ ચાંપી દીધી હતી અને અનેક વાહનોમાં તોડફોડ કરી હતી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. મરાઠા સમુદાય માટે આરક્ષણની માગ કરી રહેલા મનોજ જરાંગેના નેતૃત્વમાં પ્રદર્શનકારીઓ પર પોલીસે લાઠીચાર્જ કરતાં આંદોલનમાં હિંસા ફાટી નીકળી હતી. મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાય માટે આરક્ષણની માંગ લાંબા સમયથી ચાલી રહી હતી, જેના



કારણે મહારાષ્ટ્ર સરકારે ૩૦ નવેમ્બર ૨૦૧૮ ના રોજ રાજ્ય વિધાનસભામાં મરાઠા આરક્ષણ બિલ પસાર કર્યું હતું. આ અંતર્ગત રાજ્યની સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં મરાઠાઓને ૧૬ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ મરાઠા આરક્ષણની આગને બળ ત્યારે મળ્યું જ્યારે ૨૦૨૧ સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય જાહેર કર્યું. બોમ્બે હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. અરજદારોએ દલીલ કરી હતી કે મરાઠા આરક્ષણનો અમલ ૫૦ ટકા આરક્ષણની મર્યાદાને ઓળંગે છે, જે ઈન્દિરા સાહની કેસ અને મંડલ કમિશન કેસમાં સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન છે. ૫ મે, ૨૦૨૧ના રોજ, સુપ્રીમ કોર્ટે સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં મરાઠા સમુદાય માટે અનામતને ગેરબંધારણીય ગણાવીને રદ કર્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તેનો અમલ ૫૦ ટકાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. આ સાથે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ૫૦ ટકાની મર્યાદા પર પુનર્વિચાર કરવાની જરૂર નથી.

# દેશનું નામ ઈન્ડિયા નહીં, ભારત જ બોલો : ભાગવતની અપીલ

### આપણો દેશ ભારત છે અને આપણે તમામ વ્યવહારિક ક્ષેત્રોમાં ઇન્ડિયા શબ્દનો ઉપયોગ બંધ કરવો પડશે

। નાગપુર, તા.૨ ।



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સુપ્રીમો મોહન ભાગવતે આજે યોજાયેલ એક કાર્યક્રમ દરમિયાન લોકોને ઈન્ડિયાને બદલે ભારત નામ બોલવા માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું, સદીઓથી આ દેશનું નામ ભારત છે, ઈન્ડિયા નહીં. એટલા માટે આપણે તેના જૂના નામનો જ બોલચાલની ભાષામાં ઉપયોગ કરવો જોઈએ.

તેઓ જૈન સમાજના એક કાર્યક્રમને સંબોધી રહ્યા હતા. તેમણે કહ્યું, 'સદીઓથી આપણા દેશનું નામ ભારત રહ્યું છે. ભાષા ગમે તે હોય, નામ એક જ રહે છે. ભાગવતે કહ્યું, 'આપણો દેશ ભારત છે અને આપણે તમામ વ્યવહારિક ક્ષેત્રોમાં ઈન્ડિયા શબ્દનો ઉપયોગ બંધ કરવો પડશે અને તેના બદલે ભારત શબ્દનો ઉપયોગ શરૂ કરવો પડશે, તો જ પરિવર્તન લાવી શકાશે. આપણે આપણા દેશને ભારત કહેવું પડશે અને બીજાને પણ આ સમજાવવું પડશે.

## ભારતીય મૂળના શનમુગરત્નમ સિંગાપુરના નવા રાષ્ટ્રપતિ બન્યા, ૭૦.૪ ટકાથી વધુ વોટ મળ્યા

। નવી દિલ્હી, તા.૨ ।

ભારતીય મૂળના ભૂતપૂર્વ પ્રધાન થર્મન ષણમુગરત્નમ સિંગાપોરના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમને ૭૦.૪% થી વધુ વોટ મળ્યા હતા એક દાયકા કરતાં વધુ સમય બાદ યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં લોકોએ મોટી સંખ્યામાં મતદાન કર્યું હતું. ભારતીય મૂળના ભૂતપૂર્વ પ્રધાન થર્મન ષણમુગરત્નમે ત્રિકોણીય હરીફાઈ જીતી હતી. થર્મન ઉપરાંત, દેશના નવમા પ્રમુખ માટે મેદાનમાં અન્ય બે ઉમેદવારો - સિંગાપોર ગવર્નમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ કોર્પ ના ભૂતપૂર્વ મુખ્ય રોકાણ અધિકારી એન. કોક સોંગ અને ટેન કિન લિયાન - દેશના સરકારી વીમા જૂથ NTUC આવકના ભૂતપૂર્વ વડા - પણ ત્યાં હતા. ભારતીય મૂળના સિંગાપોરમાં જન્મેલા અર્થશાસ્ત્રી ષણમુગરત્નમે ૬૬ વર્ષીય, દેશની સંસ્કૃતિને વિશ્વમાં "ચમકતી" રાખવાના સંકલ્પ સાથે ગયા મહિને ઔપચારિક રીતે તેમના રાષ્ટ્રપતિ અભિયાનની શરૂઆત કરી હતી. કડક માપદંડો હેઠળ પસંદ કરાયેલા ત્રણ ઉમેદવારોમાંથી તે એક હતો. સિંગાપોરના રાષ્ટ્રપતિ પદ માટે ચાલી રહેલા ઉમેદવારોએ સખત લાયકાત પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

# બ્રિટિશ વૈજ્ઞાનિકોએ એક એવી રસી તૈયાર કરી છે જેનાથી માત્ર સાત મિનિટમાં કેન્સરની સારવાર

। લંડન, તા.૨ ।

કેન્સર રોગ દર વર્ષે તેનો વ્યાપ વધી રહ્યો છે. જો કે, જો યોગ્ય સમયે શોધી કાઢવામાં આવે, તો તેને હરાવી શકાય છે. કેન્સરની સારવારના પડકારો અને દર્દીઓની તકલીફને દૂર કરવા માટે બ્રિટિશ વૈજ્ઞાનિકોએ એક એવી રસી તૈયાર કરી છે જેનાથી માત્ર સાત મિનિટમાં રોગ મટાડવાનો દાવો કરવામાં આવ્યો છે. મેડિકલ સાયન્સની પ્રગતિના આ યુગમાં કંઈ પણ શક્ય છે. બ્રિટિશ વૈજ્ઞાનિકો દ્વારા જે ઈન્જેક્શન વિકસિત કરવામાં આવ્યું છે તે કેન્સરની સારવાર માટે લાગતા સમયને નોંધપાત્ર રીતે ઘટાડશે.

'રોયટર્સ'માં છપાયેલા અહેવાલ મુજબ, આ કેન્સરની રસી બનાવનારી ટીમે સરકાર પાસેથી મંજૂરી માંગી છે. તેમનું કહેવું છે કે આ મંજુરીથી તેઓ તેમના દર્દીઓને અનુકૂળ અને ઝડપી સંભાળ પૂરી પાડવા માટે જ નહીં, પરંતુ ડોકટરોને એક દિવસમાં પહેલા કરતાં વધુ દર્દીઓની સારવાર કરવા સક્ષમ બનાવશે.

એટલે કે, બ્રિટનનો આરોગ્ય વિભાગ દુનિયાની પ્રથમ આવી સર્વિસ આપવા જઈ રહ્યો છે, જે દેશના સેંકડો કેન્સરના દર્દીઓને આ 'ચમત્કારિક' ઈન્જેક્શન દ્વારા જલદીથી સાજા કરશે અને તેમની સારવાર માટે લાગતો સમય પણ ત્રણ ચર્તથાશ સુધી ઘટાડશે. મેડિસિન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી (MHRA) તરફથી મંજૂરી મળ્યા પછી, આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે અત્યાર સુધી ઈમ્યુનોથેરાપીથી સારવાર લેતા સેંકડો દર્દીઓને હવે એટેઝોલિઝુમાબના ઈન્જેક્શન આપવામાં આવશે, જે વધુ સારા પરિણામો આપશે. એટેઝોલિઝુમાબ, જેને ટેસેન્ટ્રિક તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને ડાયરેક્ટ ઈન્ટ્રાવેનસ ઈન્જેક્શન તરીકે અથવા નસમાં ટીપાં દ્વારા આપવામાં આવશે. આ પ્રક્રિયામાં લગભગ ૭ મિનિટનો સમય લાગશે અને દર્દીને શક્ય તેટલી વહેલી તકે રાહત મળશે. એટેઝોલિઝુમાબ એ ઈમ્યુનોથેરાપી સારવાર છે. તે શરીરમાં કેન્સરના કોષોને શોધીને તેનો નાશ કરશે. હાલમાં, ફેફસાં, સ્તન અને લીવરના કેન્સરના દર્દીઓને આ સારવાર આપવામાં આવશે. અત્યાર સુધી આ કેન્સરની સારવારને સરળ બનાવવામાં ઘણી મદદ મળશે. એટલે કે દવા થોડા જ સમયમાં શરીરમાં જશે અને કેન્સરના કોષોને ખતમ કરવાનું કામ કરશે. નિષ્ણાતોના મતે ઈમ્યુનોથેરાપી સારવારમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ સક્રિય થાય છે. આ સાથે તે કેન્સરના કોષોને ઓળખે છે અને તેનો નાશ કરે છે. આ ઈન્જેક્શન દ્વારા કેન્સરના દર્દીઓના શરીરમાં ઈમ્યુનોથેરાપી દવાઓ પહોંચાડવામાં આવશે. જેના કારણે તે કેન્સરના કોષોને ખતમ કરશે. ઈમ્યુનોથેરાપી એ કેન્સરની સારવારનો એક ભાગ છે, જો કે હાલમાં તે માત્ર થોડા જ દેશોમાં પ્રેક્ટિસ કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં કેન્સર એક ગંભીર રોગ બની ગયો છે. દર વર્ષે લાખો લોકો આ રોગથી મૃત્યુ પામે છે. સ્ત્રીઓમાં સ્તન અને અંડાશયનું કેન્સર અને પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર ઝડપથી વધ્યું છે. કેન્સર પીડિતોનું કહેવું છે કે કીમોથેરાપી એ પીડાદાયક સારવાર છે. આવા જ એક સવાલના જવાબમાં ઈંગ્લેન્ડની કેન્સર ઈન્સ્ટિટ્યૂટના નેશનલ ડાયરેક્ટર પ્રોફેસર પીટર જોન્સને કહ્યું, 'વિશ્વમાં આ પ્રકારની પ્રથમ સારવારથી દર્દીઓને હોસ્પિટલમાં ઓછું રહેવું પડશે. આ સાથે જ ડોક્ટરો કીમોથેરાપી જેવી જટિલ સારવારમાં કિંમતી સમય બચાવી શકશે. કેન્સરના દર્દીઓની સારવાર દરમિયાન તેમના માટે જીવનની શ્રેષ્ઠ ગુણવત્તા જાળવવી અમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.



જમ્મુ ખાતે એશિયા કપ દરમિયાન પાકિસ્તાન સામેની વનડે મેચ પહેલા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ત્રિરંગા સાથે ગ્રુપ ફોટો પાડવામાં આવ્યો હતો.

### જેલ સુધારણા પર રચાયેલી સમિતિના રિપોર્ટમાં ખુલાસો

# દેશની જેલોમાં ૨૦૧૭થી ૨૦૨૧ સુધી ૮૧૭ કેદીના અકુદરતી મોત

### ૮૧૭ મૃત્યુમાંથી ૬૬૦ આત્મહત્યા, યુપીમાં આ સમયગાળામાં સૌથી વધુ ૧૦૧ આત્મહત્યા નોંધાઈ હતી

। નવી દિલ્હી, તા.૨ ।

દેશભરની જેલોમાં ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન ૮૧૭ કેદીઓના અકુદરતી મૃત્યુનું મુખ્ય કારણ આત્મહત્યા છે. કસ્ટોડિયલ મૃત્યુની સંખ્યામાં વર્ષ ૨૦૧૯થી સતત વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૧ સુધીમાં ૮૦ ટકા મૃત્યું આત્મહત્યા તરીકે નોંધાઈ છે જે સૌથી વધુ છે. સુપ્રીમ કોર્ટ દ્વારા જેલ સુધારણા પર રચાયેલી સમિતિએ જેલમાં અકુદરતી મૃત્યુને રોકવા માટે આત્મહત્યા વિરોધી બેરેક બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે. સર્વોચ્ચ અદાલત દેશભરની ૧,૩૮૨ જેલોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓને લગતા કેસ પર વિચારણા કરી રહી છે. આ મામલે ૨૬ સપ્ટેમ્બરે સુનાવણી થવાની છે. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ (નિવૃત્ત) અમિતાવ રાયના નેતૃત્વ હેઠળની સમિતિએ જણાવ્યું હતું કે ૮૧૭ અકુદરતી મૃત્યુમાંથી ૬૬૦ આત્મહત્યા હતી અને ઉત્તર પ્રદેશમાં આ સમયગાળા દરમિયાન સૌથી વધુ ૧૦૧ આત્મહત્યા નોંધાઈ હતી. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન એટલે કે ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન, ઉત્તર પ્રદેશમાં દેશમાં સૌથી વધુ આત્મહત્યા થઈ છે, ત્યારબાદ પંજાબ અને બંગાળ રાજ્યો છે જ્યાં અનુક્રમે ૬૩ અને ૬૦ કેદીઓએ આત્મહત્યા કરી છે. કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦૧૭-૨૦૨૧ દરમિયાન દિલ્હીમાં સૌથી વધુ ૪૦ આત્મહત્યા નોંધાઈ હતી.

## વિશેષ

### ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિનના રોજ રાજ્યપાલશ્રીના હસ્તે ગાંધીનગર ખાતે સન્માનિત કરવામાં આવશે

# વડગામ બ્લોકના બી. આર. સી. કો ઓર્ડીનેટરશ્રી મહેન્દ્રસિંહ બારડની રાજયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે પસંદગી કરાઈ

રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે ૩૪ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ૧૮ પ્રાથમિક શિક્ષકો, ૫ માધ્યમિક શિક્ષકો, ૧ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, ૫ આચાર્ય, ૩ એચ ટાટ, ૧ ખાસ શિક્ષક અને ૧ બી.આર.સી કો- ઓર્ડીનેટરની રાજ્ય પારિતોષિક માટે પસંદગી કરાઈ છે. જેમાં રાજ્યકક્ષાએ એકમાત્ર બી.આર.સી કો ઓર્ડીનેટર શિક્ષક તરીકે બનાસકાંઠા જિલ્લાના વડગામની તાલુકા પગાર કેન્દ્ર શાળામાં ફરજ બજાવતા શિક્ષકશ્રી મહેન્દ્રસિંહ જેઠુસિંહ બારડની પસંદગી કરવામાં આવી છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે તેઓના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતી શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓ બદલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્ય અને શિક્ષકોને એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવે છે. રાજ્યક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ દર વર્ષે શિક્ષક દિન તારીખ ૫મી, સપ્ટેમ્બરના દિવસે આપવામાં આવે છે.

વડગામની તાલુકા પગાર કેન્દ્ર શાળામાં છેલ્લા ૧૨ વર્ષથી બી.આર.સી.કો ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા શિક્ષકશ્રી મહેન્દ્રસિંહ જેઠુસિંહ બારડ એક ઉમદા શિક્ષક અને કેળવણીકારમાં હોવા જોઈએ એવા તમામ ગુણો ધરાવે છે. બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં શૈક્ષણિક સ્તર સુધારવા અને ગુણવત્તાસભર શિક્ષણ માટે સતત પ્રયત્નશીલ રહેલા મહેન્દ્રસિંહ બારડની પસંદગીથી



બનાસકાંઠા જિલ્લાનું અને વડગામ તાલુકાનું ગૌરવ વધ્યું છે અને સમગ્ર રાજ્યમાં વડગામ તાલુકાની શૈક્ષણિક પ્રગતિને એક આગવી ઓળખ અપાવી છે.

શ્રી મહેન્દ્રસિંહ બારડ એસ.એસ.સી., એચ.એસ. સી., પી.ટી. સી., બી.એ, એમ.એ., બી.એડ જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. સાથે સાથે TET(2), TAT (S), TAT (HS), રાષ્ટ્રભાષા રત્ન, FCSEDS અને GES CLASS-2 ની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી શિક્ષણ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમણે તેમનો અનુભવ અને જ્ઞાનનો ઉપયોગ તેમની બી.આર.સી. કો-ઓર્ડીનેટરની ફરજમાં વાપરી શિક્ષણક્ષેત્રે એક તાલીમબદ્ધ અને સમર્પિત શિક્ષકોની ફોજ તૈયાર કરવાનું બીડું ઝડપ્યું છે. જેના થકી વડગામ તાલુકાનું શિક્ષણ જગતમાં અનોખું નામ ઉભરી આવે.

વડગામ તાલુકા બ્લોકમાં આવતી તમામ શાળાઓમાં શૈક્ષણિક સદ્ધરતા, નામાંકન અને સ્થાયીકરણ માટેના સઘન પ્રયાસોથી આજે ધોરણ- ૧ થી ૫ અને ૬ થી ૮ માં ડ્રોપ આઉટ રેશિયો નહિવત થયો છે. જેનો શ્રેય શ્રી મહેન્દ્રસિંહ બારડને જાય છે. શિક્ષકોને સતત માર્ગદર્શન, તાલીમ અને બાળકોના ગુણવત્તાસભર શિક્ષણ માટે શું કરવું જોઈએ એની ચિંતા કરતા શ્રી મહેન્દ્રસિંહ બારડ આજના આધુનિક યુગની જરૂરિયાત મુજબના શિક્ષણ પર ભાર મૂકે છે અને એ મુજબ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ઘડતર થાય એ દિશામાં સતત પ્રયત્નશીલ રહે છે.

વિદ્યાર્થીઓમાં આત્મબળ, કલ્પના શક્તિ, તર્કશક્તિ, વિચાર શક્તિ, ધીરજ, કુશળતા, ચીવટ જેવા ગુણોનો વિકાસ કરવામાં તેમજ વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું સિંચન થાય એવા સઘન પ્રયાસો કરી વિદ્યાર્થીઓમાં પ્રિય અને આદર્શ શિક્ષક તરીકે તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. મહેન્દ્રસિંહ બારડે દાંતીયા(ગો) પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકેની ફરજ દરમિયાન બહુશ્રેણીય શિક્ષણ દ્વારા ૫ કિ.મી. ચાલીને ખેતરની નાની શાળાઓને નંદનવન બનાવવામાં અને વિદ્યાર્થીઓના શિક્ષણ માટે મહત્વની ભૂમિકા ભજવી છે. સામાજિક ક્ષેત્રે અગ્રણી રહી શાળા માટે ભૌતિક સુવિધાઓ, બાળકોને શૈક્ષણિક કીટ, આધુનિકરણ, તિથિ ભોજન, દાન તેમજ નાની મોટી જરૂરિયાત પૂરી પાડવામાં દીવાદાંડી રૂપ ભૂમિકા નિભાવી છે. ગણિત વિજ્ઞાન પ્રદર્શન હોય, ખેલ કુદ કે વિવિધ સ્તરની શૈક્ષણિક સ્પર્ધાઓ હોય એ તમામમાં વડગામ તાલુકો અવ્વલ રહે એ માટે તેઓ સતત મહેનત કરી શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત બન્યા છે. દિવ્યાંગજન બાળકો માટે વિશેષ સંવેદના રાખતા મહેન્દ્રસિંહ બારડે તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગ પ્રમાણપત્ર મળે તે માટે સિવિલ હોસ્પિટલ સુધી સેવાઓ આપી છે. તો વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી, સાધન સહાય કેમ્પ, સમર વેકેશન કેમ્પ, વિકલાંગ વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ એક્સપોઝર વિઝીટ જેવા કાર્યક્રમોમાં સફળ સંચાલન કર્યું છે. તાલુકાના ડ્રોપ આઉટ બાળકોનું સર્વે કરી જીઁ વર્ગો ચાલુ કરાવી તેમને મેઈન સ્ટ્રીમ કરવા ખાસ પ્રયત્ન કર્યા છે. જેના ભાગરૂપે ટ્રાન્સપોર્ટેશન દ્વારા વિદ્યાર્થીઓ શાળા સુધી પહોંચે તે માટે પૂરતું માર્ગદર્શન અને મોનીટરીંગ કરેલ છે. આ ઉપરાંત આદિવાસી વિસ્તારમાં કદી એ શાળાએ ન ગયેલ આદિવાસી દિકરીઓને કે.જી.બી.વી.માં પ્રવેશ અપાવવો અને વરસતા વરસાદમાં કે.જી.બી.વી.માં પહોંચી અજગર પકડવા માટે જંગલ વિભાગના માણસોને બોલાવીને દિકરીઓનો ડર દૂર કરવામાં પણ મહત્વની ભૂમિકા નિભાવી છે. શિક્ષણ સાથે સંકળાયેલી કોઈપણ પ્રવૃત્તિ હોય મહેન્દ્રસિંહ હંમેશા અગ્રેસર રહ્યા છે. મિશન વિદ્યા, નેશનલ કક્ષાએ રમકડાં મેળો, ઈનોવેશન ફેરમાં તેમની ભૂમિકા હંમેશા પ્રેરણાદાયી રહી છે. તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલી ચાંગા પ્રાથમિક શાળાની કૃતિ 'રમતાં રમતાં ઈતિહાસ ભણીએ' રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચી હતી. બી.આર.સી. કો ઓર્ડીનેટર તરીકે શિક્ષકોને તાલીમ આપવી તે મુખ્ય ફરજ ગણાય છે. તેઓએ ઘણી બધી તાલીમોમાં રિસોર્સ પર્સન, માસ્ટર ટ્રેનર તરીકે ફરજો બજાવી છે. તેમજ ઘણી બધી તાલીમો લીધી પણ છે. શિક્ષકો સુધી તાલીમ સચોટ રીતે પહોંચે તે માટે આગવા આયોજનો, સાહિત્ય વિતરણ તેમજ સઘન મોનિટરીંગ દ્વારા તાલીમો સફળ બનાવી છે. તો NISHTHA તાલીમ તાલુકાના શિક્ષકોને ઓફલાઈન મોડમાં પૂર્ણ કરાવેલ છે.

ન્યૂઝ બ્રિફ

## ૩૧ હજાર રૂપિયા પ્રતિ કિલોની માછલી વેચીને બની ગયા લાખપતિ

। નવી દિલ્હી, તા.૨ ।

દિઘા (પશ્ચિમ બંગાળ)માં રહેતા માછીમારો લાખો રૂપિયાની દુર્લભ પ્રજાતિની માછલી 'તેલિયા ભોલા' મળ્યા બાદ હિલ્સા માછલીનું દુઃખ ભૂલી ગયા છે. ભારે વરસાદ અને તેજ પવનને કારણે, દિઘામાં માછલી ઉત્પાદન માટે અનુકૂળ પરિસ્થિતિઓને અસર થઈ છે, તેથી દિઘામાં હિલ્સા માછલીનું ઉત્પાદન ઘટ્યું છે. દિઘા એસ્ટ્યુરી ફિશ ઓક્શન સેન્ટર એ પૂર્વ ભારતમાં સૌથી મોટું દરિયાઈ માછલીનું હરાજી કેન્દ્ર છે, પરંતુ હવામાનની વિસંગતતાને કારણે આ વર્ષે દરિયામાં હિલ્સા માછલી અને અન્ય માછલીઓ પકડવામાં ઘટાડો થયો છે. ઓગસ્ટ મહિનાના અંતમાં અતિશય ગરમ વરસાદ પડ્યો હતો, પરિણામે દરિયામાં માછીમારી કરવી મુશ્કેલ બની ગઈ હતી. જેના કારણે દિઘા એસ્ટ્યુરી ફિશ ઓક્શન સેન્ટરમાં દરિયાઈ માછલીની હરાજીમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો અને માછીમારોની આવકને પણ અસર થઈ હતી, પરંતુ આ ઉદાસી ત્યારે ખુશીમાં ફેરવાઈ ગઈ જ્યારે લાખો રૂપિયાની કિંમતની 'તેલિયા ભોલા' હરાજી કેન્દ્ર પર આવી. આ માછલીએ દિઘા મુખના ઉદાસ વાતાવરણને ખુશીમાં બદલી નાખ્યું. મુહાના ફિશ ઓક્શન સેન્ટર ખાતે કુલ ૯ "તેલિયા ભોલા" માછલીઓની હરાજી કરવામાં આવી હતી. તેમની કિંમત આશરે રૂ. ૩૧ હજાર પ્રતિ કિલો છે અને દરેક માછલીનું વજન આશરે ૨૫-૩૦ કિલો છે. જે દિવસે માછીમાર માછલીઓને દીઘાના નદીમુખમાં લાવે છે, તે જ દિવસે માછલીઓને મુકવામાં આવે છે. આ તેલિયા ભોલા માછલીઓ ઊંડા સમુદ્રમાં જોવા મળે છે. આ માછલીના ક્રેકર્સ અને અન્ય ભાગોનો ઉપયોગ જીવન ટકાવી દવાઓ બનાવવામાં થાય છે, તેથી અહીંની માછલીઓ વિદેશમાં નિકાસ કરવામાં આવે છે.

### નેશનલ ઇ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે

# ગુજરાત વિધાનસભા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન-NEVAની તાલીમ મેળવી

### NEVA મારફતે વિધાનસભા ગૃહની કાર્યવાહી સંલગ્ન વિવિધ પ્રક્રિયાઓ કેવી રીતે કરવી તેની મુખ્યમંત્રીએ બારીકાઇથી જાણકારી મેળવી





। ગાંધીનગર, તા.૨ ।

'વન નેશન વન એપ્લિકેશન'ની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પના મુજબ ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવાની દિશામાં ગુજરાતે મક્કમ પગલું ભરી વિધાનસભા સત્રની સંપુર્ણ કામગીરી પેપરલેસ કરવા તૈયારીઓ ચાલી રહી છે. આગામી તા.૧૩મી સપ્ટેમ્બરથી યોજાનાર વિધાનસભાનું ચોમાસુ સત્ર સંપૂર્ણ પણે પેપરલેસ યોજવા ગુજરાત વિધાનસભા ખાતે રાજ્યના તમામ ધારાસભ્યોશ્રીઓ માટે તાલીમ વર્કશોપ ચાલી રહ્યો છે. જે અંતર્ગત આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-દ્ગઈફછની તાલીમ મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન થકી થનાર અલગ અલગ કામગીરીની બારીકાઈથી માહિતી મેળવી હતી. ઉપરાંત આ એપ્લિકેશન મારફતે વિધાનસભા કાર્યવાહી સંલગ્ન એલ.એ.ક્યુ સહિતની વિવિધ પ્રક્રિયા કેવી રીતે કરવી તેની જાણકારી મેળવી હતી. રાજ્યની વિધાનસભાને પેપરલેસ બનાવવાની સમગ્ર પ્રક્રિયા ઝડપથી થઇ શકે તે માટે રાજ્ય સરકારનો ખુબ સારો સહયોગ મળ્યો છે તે બદલ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આભાર વ્યક્ત કરી વિવિધ સંલગ્ન વિભાગો તેમજ વિધાનસભાના અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓને પણ સમગ્ર વ્યવસ્થાઓ ત્વરિત ઉભી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ કે, નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે. રાજ્યના તમામ ધારાસભ્યશ્રીઓ ટેબલેટની મદદથી ટેકનોલોજી આધારિત સમગ્ર કામગીરીમાં જોડાશે અને તે માટે તમામ ધારાસભ્યશ્રીઓને તાલીમબદ્ધ કરવામાં આવી રહ્યા છે. ભવિષ્યમાં આ એપ્લિકેશનનો વ્યાપ વધારી તેની સાથે રાજ્યના નાગરિકોને જોડી પ્રજાલક્ષી કાર્યો તથા પ્રશ્નોનું ડિજીટલી ત્વરીત નિરાકરણ લાવવા માટેના પ્રયત્નો હાથ ધરાશે. એટલુ જ નહિ, વિધાનસભા કામગીરી સાથે જોડાયેલી તમામ બાબતોને આ એપ્લિકેશનમાં આવરી લઈ ધારાસભ્યશ્રીઓ પણ આંગળીના ટેરવે તમામ માહિતી મેળવી શકશે. ઉપરાંત, ગૃહમાં આવેલા પ્રસ્તાવ પર પોતાનો મત તથા તેમની હાજરી પણ એપ્લિકેશનના માધ્યમથી પૂરી શકશે. આ પ્રસંગે વિધાનસભાના સભ્યશ્રીઓ તથા સચિવશ્રી તેમજ વિધાનસભાના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બેન્કોને ગામડાંઓ જઈ કેમ્પ કરી લોકોને વધુને વધુ માહિતી આપી બેન્કના લાભો મેળવવા પ્રોત્સાહિત કરવા

## કેન્દ્રીય મંત્રી ડો.મહેન્દ્રભાઈ મુંજપરાના અધ્યક્ષસ્થાને બોટાદમાં બેંકનાં અધિકારીઓ સાથે બેઠક યોજાઈ



। બોટાદ, તા.૨ ।

આયુષ વિભાગ તથા મહિલા અને બાળવિકાસ વિભાગના કેન્દ્રીય મંત્રીશ્રી આયુષ ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરાના અધ્યક્ષસ્થાને વિવિધ બેંકનાં અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં રાણપુર તેમજ બરવાળા બ્લોક સહિત જિલ્લાના બેંકિંગ સેક્ટરની કામગીરીની બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. મિટિંગની શરૂઆતમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીની આગેવાનીમાં વૈજ્ઞાનિકો સખત મહેનત કરી રહ્યા છે. ચંદ્રના જે સ્થાને વિશ્વના કોઈપણ દેશ પહોંચી નથી શક્યા ત્યાં આપણે પહોંચીને વિશ્વ વિક્રમ સર્જ્યો છે તે બદલ હું ઈસરોના તમામ વૈજ્ઞાનિકોને શુભેચ્છાઓ પાઠવું છું. મંત્રીશ્રીએ બેક્રના અધિકારીશ્રીઓને સંબોધતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી જ્યારે ભારતના અર્થતંત્રને વિશ્વમાં અગ્રીમ સ્થાન અપાવવા પ્રયત્નશીલ છે ત્યારે તેમાં બેંકિંગ સેક્ટરની ભૂમિકા ખૂબ અગત્યની છે. ત્યારે આપણે સૌએ સાથે મળીને બોટાદ જિલ્લાને વધુ વિકસિત બનાવવા પ્રયત્નો કરવાના છે. ક્ષુલ્લક કારણોસર સખીમંડળોની અરજીઓ રદ ન કરવા તેમજ એનપીએ ઘટાડવા પ્રયત્નો કરવા જોઈએ. મંત્રીશ્રીએ બેંકોમાં ગ્રાહકોને પૂરતો સહયોગ આપવો, સિનિયર સિટીઝન પેન્શનરો તેમજ દિવ્યાંગજનો માટે વિશેષ વ્યવસ્થા કરવી તેમજ જો સખીમંડળો તેમજ નાગરિકોને લોન આપવા બાબતે વહીવટી પ્રશ્નો હોય તો તેને હલ કરવા પ્રયાસ કરવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ બેક્રોને ગામડાંઓ જઈ કેમ્પ કરી લોકોને વધુને વધુ માહિતી આપી બેક્રના લાભો મેળવવા પ્રોત્સાહિત કરવા તેમજ ૧૦ રૂપિયાના સિક્કાના ઉપયોગ બાબતે જાગૃતિ લાવવા સૂચન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, બેક્રોમાં હિન્દી તેમજ અંગ્રેજી ભાષાની સાથોસાથ ગુજરાતી ભાષામાં પણ સૂચના રાખવી જોઈએ.

આ બેઠકમાં કલેક્ટરશ્રી ડો. જીન્સી રોય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુદાનીયા, નિવાસી અધિક કલેકટરશ્રી મુકેશ પરમાર, લીડ બેક્ર મેનેજર શ્રી મિતેષ ગામીત, બોટાદની વિવિધ બેક્રોના બ્રાન્ચ મેનેજરશ્રીઓ ઉપસ્થિત રહ્યાં છે.




## ૨૦૦૦ની નોટ જમા કરવાની તારીખ હવે નજીક

। નવી દિલ્હી, તા.૨ ।

ભારતીય રિઝર્વ બેક્રે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવા માટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ની ડેડલાઈન નક્કી કરી છે. જો તમારી પાસે હજુ પણ ૨૦૦૦ રૂપિયાની નોટ હોય તો આને ડેડલાઈન પહેલા બેક્રોમાં જમા કરાવી દેજો. કેમ કે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવાની ડેડલાઈન સરકાર લંબાવાની નથી. ભારતીય રિઝર્વ બેક્રે મે મહિનામાં સૌથી મોટી કરન્સી ૨૦૦૦ રૂપિયાની નોટ પર નિર્ણય લીધો હતો, જોકે રિઝર્વ બેક્રે કહ્યુ હતુ કે ૨૦૦૦ રૂપિયાની નોટ ૩૦ સપ્ટેમ્બર સુધી માન્ય રહેશે. રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયાએ ૨૦૦૦ રૂપિયાના નોટને ક્લીન નોટ પોલિસી હેઠળ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. આ પોલિસી હેઠળ આરબીઆઈ ધીમે-ધીમે ૨૦૦૦ની નોટ બજારમાંથી પાછી મંગાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બર ૨૦૧૬એ દેશમાં નોટબંધીનું એલાન કર્યુ હતુ ત્યારે ૫૦૦ અને ૧૦૦૦ ની નોટ ચલણમાં રદ કરી દેવાઈ હતી.

### ૧૫૦ વર્ષ પહેલા સૈનિકોએ કરી હતી સ્થાપના

# ઉત્તર પ્રદેશમાં અંગ્રેજોના જમાનાનુ છે હનુમાન મંદિર

### બજરંગબલી અને ત્યારે જ આખા શહેરના લોકો પોતાની ઈચ્છાઓ લઇ કોતવાલી હનુમાન મંદિરના દરવાજે પહોંચે છે

। અમદાવાદ, તા.૨ ।

પ્રાચીન ઈમારતો, ઐતિહાસિક મંદિરો અને અદભુત સ્મારકો માટે સંસ્કારધાની આખા ભારતમાં વિખ્યાત છે. એ જ કડીમાં જબલનપુરના કોતવાલી થાણા અંગ્રેજી શાસન કાળમાં નિર્માણ કરાવ્યું હતું. એમાં એકદમ સામે આખા શહેરમાં વિખ્યાત હનુમાન લલાનું એક સુંદર મંદિર સ્થાપિત છે, કહેવામાં આવે છે કે આ મંદિરની સ્થાપના અંગ્રેજી શાસન કાળમાં સૈનિક પદ પર રહેવા વાળા નાથુરામ વ્યાસ દ્વારા કરાવવામાં આવી હતી.

આ હનુમાન મંદિર પર્યાપ્ત જગ્યા છે જેનાથી ભક્ત પૂજન અર્ચન કરવા સાથે સાથે અહીં ભજન કીર્તન પણ કરી શકે છે, સ્થાનિક જણાવે છે કે આ કોતવાલી હનુમાન મંદિરમાં એમની પાછલી પેઢી ઘણા વર્ષોથી દર્શન કરી રહી છે, અને રામલાલ બજરંગબલીના આશીર્વાદ મેળવે છે. અંગ્રેજોના સમયમાં કેદીઓ માટે એક કોતવાલી પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યું હતું, આ કોતવાલી પોલીસ સ્ટેશનની બરાબર સામે બજરંગબલીની એક ખાસ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી, મંદિરના વર્તમાન પૂજારીનું કહેવું છે કે આ કોતવાલી હનુમાન મંદિરનો ઈતિહાસ લગભગ ૧૫૦ વર્ષ જૂનો છે. પંડિતજીએ જણાવ્યું કે જ્યોતિષ શાસ્ત્રના નિષ્ણાત અને ભૂતપૂર્વ સૈનિક પંડિત નાથુરામ વ્યાસે જબલપુરમાં આ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો.બ્રિટિશ શાસન દરમિયાન મંદિર બનાવવાનું કામ સરળ નહોતું પરંતુ વ્યાસજીના આશીર્વાદથી આ મંદિરનું નિર્માણ થયું. બજરંગબલી અને ત્યારે જ આખા શહેરના લોકો પોતાની ઈચ્છાઓ લઈ કોતવાલી હનુમાન મંદિરના દરવાજે પહોંચે છે. શહેરના સૌથી ગીચ વિસ્તાર એવા કોતવાલી ખાતે આવેલ હોવાને કારણે આ મંદિરમાં દરરોજ સેંકડો ભક્તો આવે છે, નવરાત્રી દરમિયાન કોતવાલી મંદિરની સમિતિ દ્વારા દુર્ગાજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે, વ્રત વિધિ અને વિશાળ ભંડારાનું આયોજન થાય છે, જેમાં સમગ્ર જબલપુરમાંથી લોકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. રામ ભક્ત હનુમાનની સફેદ રંગની અને આકર્ષક પ્રતિમા દરેકને મોહિત કરે છે.દર શનિવાર અને મંગળવારે પંડિતજી ભગવાનનો વિશેષ શ્રૃંગાર કરે છે, જે તેમની આભા ૧૦ ગણી વધારે છે. મંદિરમાં બજરંગબલી ઉપરાંત મર્યાદા પુરૂષોત્તમ પ્રભુ શ્રી રામનું વિશાળ પોસ્ટર પણ લગાવવામાં આવ્યું છે, તેની સાથે અહીં દેવી દુર્ગા, ભોલે બાબા, શનિ મહારાજ સહિત તમામ દેવી-દેવતાઓનું વિશેષ સ્થાન છે.
















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨